મરકીના અટકાવ

વિષે

અવસ્તાના ફરમાનો.

કર્તા પાલનજી ખરશેદજી મોગ્રી.

ESSAYS

ON

THE DOCTRINE OF THE AVESTA REGARDING PLAGUE,

AND ON

CLEALINESS OF THE BODY.

BY

PALLONJEE CURSETJEE MISTRI,

AUTHOR OF THE SIR J. J. MADRRSA

PRIZE ESSAYS FOR THE YEARS A. D. 1892 & 1893.

મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમાનો

(મરકીને લગતી અવસ્તામાંથી મળતી બાબદો),

તથા

તનને લગતી પવિત્રાઈ,

લખનાર—પાલનજી ખરશેદજી મીસ્ત્રી,

તે નામદાર સર જ. જી. જ. મદ્રેસાના પસાર થયલા વિદ્યાર્થી, તથા એજ મદ્રેસા તરફથી ઇ. સ. ૧૮૯૨ તથા ૧૮૯૩ના સાલો માટે **ઇનામના રેસાલાઓના** લખનાર તથા કર્त्ता.

મુંબઈ મધે—ધી "ગોવર્ધન મુદ્રાલય" માં છાપ્યો છે,

યઝદેઝર્દી ૧૨૬૬. ઇ. સ. ૧૮૯૭.

BY THE SAME AUTHOR

The Priest, the Warrior, the Husbandman, and the Artisan,

(The Four Classes of the Ancient Iranians in the Avesta Period).

AND

The Water, the Earth and the Trees

ADCORDING TO THE AVESTA,

થોડીજ નકલો બાકી રહી છે.

એજ લખનારના સર જ. જી. જ. મદ્રેસાના

ઈનામના રેસાલાઓ

(ઈ. સ. ૧૮૯૨ માટેનો)

"અવસ્તા જમાનાના કદીમ ઇરાનીઓના ચાર વર્ગો"

નામે

અથોરનાન, પેહેલવાન, ખેડુત તથા કારીગર,

કિંમત ૮ આના.

(તથા ઈ. સ. ૧૮૯૩ માટેનો)

પાણી, જમીન અને ઝાડપાન,

(એ બાબદોની અવસ્તાઈ સમજણ).

કિંમત ૬ આના.

દીબાચો.

નામદાર સર જ. જી. મદ્રેસા તરફથી ત્રણ વર્ષો સુધી ઇનામ માટેના જે ત્રણ રેસાલાઓ મેં લખ્યા હતા, તેઓમાંના બે મેં ઘણા મોડેથી છપાવ્યા હતા, જ્યારે ત્રીજો છપાવવાને હજી મને ફુરસદ મળી નથી ; તેટલામાં ન ધારેલા સંજોગ વચ્ચે આ નિબંધ, બની શકે તેમ જલદી, છપાવવાની દિલગીરી ભરેલી ફરજ મને પડી છે. એ કારણને લીધે તે લખવા તથા છપાવવા માટે જે થોડો વખત મને મળ્યો છે તે, હું આશા રાખું છું કે, વાંચનાર ધ્યાનમાં લેશે.

ઇ. સ. ૧૮૯૬ ના કઢંગા વરસાદ પછી મુંબઇ શેહેરમાં લાગુ પડેલી મરકીએ જ્યારે નવેમ્બર માસમાં પોતાના નેહસ્ત કદમ આગળ વધાર્યા અને પારસી જેવી સુઘડ જાતમાં જડ ઘાલી અમુલ્ય જીવડાઓનો ભોગ લીધો, જેથી પારસીઓમાં ઘણો ગભરાટ થયો, ત્યારે કુદરતી રીતે મને પણ ઘણું લાગ્યું. અવસ્તાના અભ્યાસીઓમાંનો કોઈ નર આ બાબત જરૂર હાથ ધરશે એવી આશામાં હતો, તેટલામાં ડીસેમ્બર માસ આવ્યો, પારસી મરણો વધવા સાથ પારસીઓની હંમેશની શાંત છાવણીમાં વધુ ખલલ થઈ અને પારસીઓ હિંદુઓથી ઓછા પોચા ન ઠર્યા, જેથી મારી ધીરજ રહી નહી, અને નાચારીએ જાનેવારી માસની શરૂઆતમાં મારી કલમ મેં હાથમાં ધરી, જે વખતે મારો ખ્યાલ પણ ન હતો કે તેનું પરિણામ આ ચોપાન્યાના ફળમાં આવશે. આ ગભરાટ વિષે હું કંઇપણ કસુર કાઢી શકતો નથી, પણ મને લાગ્યું કે વિના કારણે ઘણા અમુલ્ય જીવડાઓ ટપોટપ ઉડી ગયા છે અને આ મરકીના બાબમાં કંઇ ભેદ છે ખરો. **અહુરમજ઼દના કામ તરફ વિશ્વાસની નજરથી જોવું જોઇએ છે અને જ઼રથોશ્તી દીનને લગતી બારિકીઓથી મરકી ઉપર કંઇક અંકોશ મેલી શકાય,** એવું હું અવસ્તાના લખાણોની મતલબની રૂએ સમજતો હતો. વળી જેબી આચાર વીચારો હાલના વિદ્વાનો જણાવવા લાગ્યા તેઓમાંનો એકે પણ અવસ્તાના લખાણોથી છુપો નથી એવું મેં જોયું. વર્તમાન પત્રના એકાદ બે અંકોમાં મારી કેહેવાની મતલબ સમાવી શકીશ એવું મેં પેહેલાં ધાર્યું હતું, પણ જેમ વધુ અને વધુ ખોળ મેં કરવા માંડી તેમ વધુ અને વધુ વિગતો મારી નજર આગળ આવતી ગઇ અને

મુશકેલીથી "જામેજમશેદ" ની થોડીક કૅાલમોમાં મારૂં લખાણ સમાવી શક્યો. તેની ધીરજને માટે અત્રે તેટલા માટે એ પત્રનો ઉપકાર માનવાની પેહેલી તક લઉં છું. મારી બાબત ખલાસ થયા પછી મી૦ અરદેશર સો૦ દસ્તુર કામદીને "જામે" માં એક પત્ર છપાવી મારા લખાણોનો ચોપાન્યાના આકારમાં સંગ્રહ જાળવી રાખવાની ભલામણ કીધી, જેથી જેમ એક બાજુ મી૦ કામદીનનો તેવણે આપેલા ઉત્તેજન માટે, તેમ બીજી બાજુ સર જ૦ જી૦ ટ્રાન્સલેશન ફંડના ટ્રસ્ટી સાહેબો તથા સેક્રેટરીનો તેઓએ આપેલા આસરા માટે હું આભારી છું. મરકી હાલમાં નરમ પડતી જાય છે ખરી, પણ તે એકદમ નાબુદ થઇ છે એમ કહી શકાય નહીં, તેમજ ફરીથી તે હુમલો કરશે નહીં એવું પણ કહી શકાય નહીં, જેથી મને કરેલું આમંત્રણ મારા મિત્રોની ખાહેશથી ખુશીથી મેં સ્વિકાર્યું છે.

વર્તમાનપત્રની રૂઢી પ્રમાણે પારસી કુટુંબો સમજી શકે તેમ આ બાબત મેં છપાવી હતી, એટલે તેને નિબંધ તરીકે ચોપાન્યાના આકારમાં છપાવવાની મને એવડી મેહેનત પડી છે. દરેક બાબત તથા બાબતની બાબતો જુદાં જુદાં મથાળાંઓ હેઠલ મેં ચોકસાઈથી ગોઠવી છે. બાબ અને પરદા બનાવ્યા નથી, પણ ટાઇપોના આકારોથી ફરક બતાવ્યો છે. બે મુખ્ય ભાગોમાં મારા નિબંધને મેં વેંહેંચી નાખ્યો છે, જેઓ ૧) આ ખાકી દુનિયાને લગતી વિગતો અને ૨) પેલી મીનોઇ દુનિયાને લગતી વિગતો છે. ઘણી બાબતોપર થોડું થોડું મેં કહ્યું છે, અને જરથોસ્તીઓને જાણવા લાયક આ બાબત સાથ સંબંધ ધરાવનારી વિગતો શિરસ્તા મુજબ પુરી પાડવાની મેં જરૂર જોઇ છે. દેખીતો આ નાનો નિબંધ મારા આગલા રેસાલાઓની નજદીક બરોબરનો છે. ભાષા શુધ્ધ સાથ વળી પારસી કુટુંબો વાંચી શકે તેવી વાપરી છે.

જ્યારે આ બાબત "જામે" માં છપાઇ હતી ત્યારે "જાનેવારી" માસ હતો અને હાલમાં "મે" માસ છે, એટલે એમાં ફરક કેટલો છે તે અને કેટલીક બીના જે મેં આગલથી કહી હતી તેમાં ખરૂં શું અને ખોટું શું છે તે તપાસવાનું વાંચનારની મુનસફી ઉપર સોંપું છું.

૬૪, તારદેવ, મુંબઇ.
તા૦ ૧લી મે ૧૮૯૭.

પાલનજી ખરશેદજી મીસ્ત્રી.

5426

મરકીને લગતી અવસ્તામાંથી મળતી બાબદો.

મરકીના અટકાવની જરૂર.

મુંબઇ શહેરમાં તથા તેની આસપાસ લાગુ પડેલી ભય ભરેલી આ મરકીના ઇલાજો માટે ઘણું બોલાયું છે તથા ઘણું લખાયું છે પણ હજી કોઇ ઇલાજ ચોકસ જણાયો નથી. એ માટે આપણે વિદ્વાન ડૉકટરોને જવાબદાર ઠરાવીશું. એટલા વખતમાં જે રસતો સલામત બાકી રહ્યો છે તે તેના 'અટકાવ' માટેનો છે; જેમકે ઇંગ્રેજી કહેવત છે કે Prevention is better than cure તેમ ઇલાજ કરતાં અટકાવ વધારે અગત્યનો છે.

એનો અટકાવ કેમ કરવો તે માટે પણ ડૉકટરોએ, રસાયન શાસ્ત્રીઓએ, તથા અનુભવીઓએ ઘણું સુચવ્યું છે. એ સરવેનો કહેવાનો સાર એ નિકળે છે કે "પવિત્રાઇ* રાખવી". પણ એ પવિત્રાઇ ઉપર ટપકેની એટલે બહારના દેખાવની નહીં, પણ ઘણીજ ચોકસ રીતોથી જાળવવી ઘટે છે.

આ મરકીનું મૂળ.

જે ચીજોની મારફતે શરીરમાં સરદી પ્રવેશ થઇ તાવ આવે છે તથા જે ચીજોની મારફતે આ મરકીમાંથી ઉત્પન્ન થતા જીવજંતુઓ એટલા નાશકારક ધારવામાં આવે છે, તેમાં સરદ હવા અને ભીનાસ એ બે મુખ્ય છે, પણ વિશેષ કરીને પાણી અથવા ભીનાસ છે. એટલા માટે "તમે પોતાને પાણીથી બચાવો" એટલે પાણીનો ઉપયોગ કરવો તે સંભાળથી કરવો અને ભીનાસ, કે સરદીથી દુરના દુર રહેવું એ એક અગત્યનો ઇલાજ મરકીના અટકાવ માટેનો રહયો છે. એ છેવટનો સારાંશ તથા અનુમાન છે, કારણ કે આ તો નજદીક સાબેત થઇ ચુકયું છે કે

* સ્વચ્છતાની મતલબમાં.

આ નાપાક જીવજંતુઓ (જો તેઓ ખરેખરજ ઉડતાં* હોય તો તેઓ) બીનાસવાળી જગ્યાએ હળીમળી રહે છે. અને આ વિચારોને અવસ્તાના લખાણોથી ટેકો મળે છે. જેબી આચાર વિચારો હજુ સુધી પ્રગટ કરવામાં આવ્યા છે તેમાંનો એકેપણ અવસ્તાના લખાણથી છુપો નથી, અને એ સાબેત કરવાની મારી મુખ્ય નેમ છે.

પવિત્રાઇ વિરૂધ મરકી.

મેં શરૂઆતમાં જણાવ્યું છે કે સરવે દુર અંદેશોનું કેહેવું છે કે "પવિત્રાઇ રાખવી.". પવિત્રાઇ, પવિત્રાઇ અને બીજું કંઇજ નહીં પણ પવિત્રાઈ, એ તો અવસ્તાના લખાણોમાં મુખ્ય ખોરાક છે અને આપણે શરૂઆતનીજ જે પેહેલી બંદગી પઢતાં શીખ્યા છિયે તે "અષેમ" ની એટલે અશોઇ યાને પવિત્રાઇ માટેનીજ પ્રાથના છે. "અશોઇ માણસને માટે જન્મથીજ ઘણી સારી છે. માજદયસ્ની દીન જે છે તે પણ અશોઇજ છે. કોઇ પણ શખ્સ નેક વિચારો, નેક સુખનો તથા નેક કામોથી પોતાની જીંદગીને પવિત્ર કરી શકે છે" (વજશ્ને હા૦ ૫). વળી જેમ ઇગ્રેજીમાં એક કેહેવત છે કે cleanliness is next to Godliness તેમ "અહુરમજદના રાહને પુગવાનો માર્ગ તે પવિત્રાઇ છે." મેં શરૂઆતમાં જણાવ્યું છે કે પવિત્રાઇ ઘણીજ ચોકસ રીતે જાળવવી ઘટે છે. તે કેમ જાળવવી એ એક વેગળી બાબત છે, એટલે એ બાબે વિગતવાર હવે પછી જણાવીશ.

જરથોસ્તીઓની રોજની ફરજો તરફ બીનદરકારી.

પણ એટલું ખુબ ધ્યાનમાં રાખવું ઘટે છે કે, જે ચોકસ રીતેથી છેક કદીમ જમાનાથી તે છેક હમણા સુધી જરથોસ્તીઓ બીછાનાથી ઉઠયાના વખતથી તે બીછાને જવાના વખત સુધી દીવસમાં બે ચાર વાર પાદીઆવ કુસ્તી કરતા હતા તે રીતેથી હાલમાં ચાલે તથા ગફલતી કે બેદરકારી દુર કરે તો મરકીના પંજામાંથી બચવાની ઘણી તક તેઓને મળે એમ છે; તો જો કે ઇનસાફને ખાતર જણાવવાની જરૂર જોઉં છું કે જરથોસ્તીઓનો એક સારો ભાગ પોતાના નેઆગાનોને પગલે ચાલે

* ડાકટરોને મત ફેર લીધે.

છે, જેનું સારૂં પરિણામ તેઓ જુએ છે અને હજી * જોશે. એક દીનદાર જરથોસ્તી બીછાનેથી ઉઠયાની સાથે ભણુતર ભણી કુસ્તી કરે છે, પછી બાજ પઢી નીરંગ લે છે, કે જે નીરંગમાં સમાયલા રોગનો નાશ કરનારા ચોકસ ખારોની ખુબી તે સારી રીતે સમજે છે (જે માટે વધુ હું પછી કહીશ) તથા તેને લગતી બાજની રૂએ તે હેરેમન પર ફીટકાર નાખે છે, જે પછી લુગડાંથી અને નહીં કે વાસીદા હાથોથી વાસણમાંથી તાજુ પાણી કાઢી હાથ, પગ, મહોંડું તે ધોય છે અને કુસ્તી કરે છે યા તો હાજતે ગયા પછી પાદીઆવ કુસ્તી તે કરે છે. કુસ્તીની બંદગી તેને નજીવી લાગતી હશે પણ તેનો ભેદ તથા તેની ઉમદા ફીલસુફી જો તે સમજે તો તેનું દીલ હરખાયા વિનાં રહે નહીં, તેનું મન ખુશી ભરેલું થયાવિનાં રહે નહીં, તેનો ઇતબાર ખુદા તથા તેની કુદરત શિવાય બીજાપર રહે નહીં. અવલ "કે મ્ના મજદા" તે પઢે છે તેમાં શરૂઆતથીજ નાપાકીના ઉપદ્રવ માટે તે (પઢનાર) ફરિયાદ કરે છે અને તેમાંથી બચવા માટે અહુરમજદની મદદ માગે છે, તન અને મનની પવિત્રાઇની ખાહેશ રાખતો આવે છે, નાપાકીના દોરને ધિક્કારતો જાય છે અને શેવટે પવિત્રાઇ જાળવનારાઓને નાપાકીથી બચાવવાની દુવા ચાહે છે. "કે મ્ના મજદા" નું ભણુતર ગાથા માહેલું છે અને ઉત્તમ પ્રકારનું છે. "અહુરમજદ ખુદાએ" ની બંદગીનો સાર સમજવાને વધારે સેહેલ એટલા માટે છે કે તેનો ઘણો ભાગ પાજંદ ભાષાનો છે જે અસલફારસીને મળતો છે. "જસ મે અવઘેહ મજદ" (એટલે "ઓ અહુરમજદ ! મારી મદદે પહોંચ") ની બંદગીમાં પઢનાર એક ખરા જરથોસ્તી તરીકે હોવાની કબુલાત આપે છે, હુમત, હુખત અને હવર્શતની સ્તુતી ગાય છે, અને સરવે નેઆમતોના બક્ષનાર તરીકે તે માત્ર અહુરમજદને સ્વિકારે છે. બીજા અવસ્તા પઢવાની ફુરસદ જો ન મળે તો આટલું પણ ધ્યાનથી પઢવું ગનીમત છે.

---

* આ મેં "જામે" માં છપાવ્યું હતું ત્યારે જાનેવારી માસની શરૂઆત હતી, કે જ્યારે પારસીઓમાં મરણના વધુ પ્રમાણથી ઘણો ગભરાટ થયો હતો.

સરદ હવા.

જે મુખ્ય બે ચીજોની મારફતે મરકીનો ફેલાવો થતો આપણે જાણ્યો છે તેઓમાંની એક ચીજ તે "સરદ હવા" છે. ખાત્રી ભરેલી રીતે કેહેવાનું ડોલ ઘાલી હું શકું નહીં પણ નજદીક ૮ મહીનાના આ મરકીના રંગોપરથી આપણને કેહેવાને કારણ મળે છે કે આ મરકી કંઈજ નહીં, પણ સરદ હવાનું પરિણામ છે, કે જે સરદ હવાનું કારણ વગર થોભવે વરસાદ વરસવાનું અને તે દરમ્યાન ખોરશેદના સખત કિરણોની ગેર હાજરીનું છે, કે જે હવા આ રીતે જમીનમાં પચેલી સરદીમાંથી ઉત્પન્ન થઈ, ખોરશેદની રોશનીની વગર ઝેરી બની છે, જે તનદરોસ્ત માણસ પર એકદમ અસર કરી શકી નથી પણ સહેજ પણ સરદી, નબલાઇ, તાવ કે મંદવાડ લાગુ પડયાં કે તે ઝેરી હવા દરદીના બદનમાં પ્રવેશ થઇ પ્રાણ ઘાતક થઇ પડી છે. આ વિચારને અવસ્તાના મતથી ટેકો મળે છે. અવસ્તામાં જણાવેલો " વાતો પોઉરો અપાખતર " એટલે " સીધો ઉત્તર તરફથી ફુકતો પવન " તે ખાસ કરી ઉત્તર તરફથીજ ફુકતો હોવો જોઇએ એમ નથી, પણ તેને હેરેમન તરફથી આવતો પવન જણાવવામાં આવ્યો છે, * જે હેરેમનનું રહેઠાણ છેક ઉત્તર દીશા તરફ છે, જેમ કે અહુરમજદનું રહેઠાણ છેક દક્ષિણે છે. આ તેનું દેખીતું રૂપ અથવા કારણ (Physical cause) છે જ્યારે તેનું ખરૂં કારણ (Spiritual transgression) તો "ખોદાની મરજી" છે. મારા જેવા અભ્યાસીઓને એ માટે હસી કાઢવામાં આવે એ બનવા જોગ છે, પણ જ્યારે વિદ્વાનો તથા અવસ્તાના ઉસ્તાદો તે જણાવે ત્યારે તે વગર કારણે તો ન હોય. વળી પેહેલવી દીનકર્દ પ્રમાણે "જોસથી આતશ (અતિશય ગરમી) નું ઉપર નીકળી આવવું પવનને લીધે છે; અને તે પવનથી પાણીને તરેહવાર રીતે જમીનની અંદર નીચે પથરાવવું છે.... પવનની ગરમીની મારફતે નજીશાઇનો બાદ લોકોમાં પ્રવેશ થાય છે, જેથી લોકોમાં શું ગરમી કે શું સરદીનું જોર વધે છે" (દીનકર્દ પુસ્તક પાંચમું). જણાવવાની ઘણી જરૂર નથી કે ગરમીનું જોર સરદીથી થાય છે. હવે ત્યારે એ સરદ પવનને અટકાવવો કેમ ? હું નહીં ધારતો કે

---

* વધુ માટે જુવો પાનું ૨૪—૨૫ મું, આરદીબેહેશ્ત યશ્ત.

કોઇ પણ જરથોસ્તી અજાણ્યો હશે કે ધુપ, ધુમાડો, અને ખોરશેદની કે આતશની તેજદાર રોશનીથી એનો અટકાવ કરી શકાય છે. સવાર અને સાંજ ધુપ દેવાનો ચાલ, જે જરથોસ્તીઓ જાળવતા આવ્યા છે, તેની મતલબ હવામાંથી નાપાકીને નહસાડવા સિવાય બીજી શી હોય? આજના જમાનાનો લાડકો પારસી જાંગલો જે અગાઉ કોઇના હાથમાં અફરગાન્યું જોઈ ખડખડ હસ્તો હતો તે હાલ વહેલો વેહેલો સગડી લઇ દોડધામ કરી મુકે છે. ઇસિસના વાસથી તે બેશુધ થઇ જતો હતો તે હાલ ફુંફાંડાપર ફુંફાંડા મારી પેટ ભરી ધુંઇ લે છે. કોહેલા તરાથી તેને વામીટ આવતું હતું તે "નાપથાલીન" ની જોળી અધિરાઇથી નાકમાં દાબે છે. તથા પોતાના બીછાના આગળ "ફેનાઇલ" છંટાવે છે.

આવી વેળા ગરમ કપડાં પહેર્યાથી ઘણે દરજજે સરદ હવાથી આપણો બચાવ થઇ શકે છે.



પાણી તથા ભીનાસ.

જે મુખ્ય બે ચીજોની મારફતે મરકીનો ફેલાવો થતો આપણે જાણ્યો છે તેઓમાંની બીજી ચીજ તે ; " પાણી " છે. આપણા ઉપયોગ માટેનું પાણી સ્વચ્છ હોવું જોઇએ અને આવી વખતે નળનું પાણી જો પુરતું લાયક ન જણાતું હોય તો સાફ કુવાનાં પાણીનો પીવા માટેનો તથા વપરાસ માટેનો ઉપયોગ કરવા બે ચાર પઇસા સામું ન જોવું જોઇએ. ભીનાસ તથા સરદી વિશેનું જાણવું એ છે કે ભીનાસવાળી જગ્યાએ જીવજંતુઓને રહેવાની લાલચ થાય છે, જેમાંથી કોહોવાટ, તાવ તથા મરકી લાગુ પડે છે.* વંદીદાદની ૧૨ મી પરગરદમાં જણાવ વામાં આવ્યું છે કે " ઘણી ભીનાસવાળી જગ્યાને સુકી કરવામાં આવી હોય તો તેથી જમીન તથા તેને લગતો ફરેસ્તો ' સપન્દારમત ' ખુશી થાય છે......ભીનાસવાળી જમીનને ખુશ કરનાર શખ્સ તે છે કે જે મેહેનત લઇને તેને સુકી કરે."

ખોરશેદની રોશનીની જરૂર.

હવે સરદીવાળી જગ્યાને સુકી કરવા માટેનો મુખ્ય મદદગાર ખોરશેદ છે, જે તર થયલી એવી ભીનાસવાળી જગ્યાને પોતાના સખ્ત કિરણોથી સુકવી નાખે છે એટલુંજ નહીં, પણ તેમાંથી જન્મ પામેલાં જીવ જંતુઓને બાળી ભસ્મ કરી નાખે છે, અથવા તો તેવી જગ્યાએથી નાહાસવાની તેઓને ફરજ પાડે છે. મોટા મોટા ડૉકટરો સૂર્યના કિરણો ઘરમાં દાખલ કરવા માટેની ફિલસુફીઓ સમજાવે છે, પણ છેક કદીમ જમાનાના અવસ્તા તેથી કયાં અજાણ છે? " ખોરશેદ નીઆયશ " માં જણાવવામાં આવ્યું છે કે " જ્યારે ખોરશેદ ઉગે છે, ત્યારે અહુરમજદની પેદા કીધેલી જમીન પાક થાય છે, વહેતાં પાણી પાક થાય છે, ઝરાના, દરિયાનાં, તેમજ સ્થિર પાણીઓ પાક થાય છે, અને ભલામીનોની અશો પેદાયશો પાક થાય છે. અગર જો ખોરશેદ ઉગે નહીં, તો આ દુનિયાના સાતે ખંડોમાં જેબી તમામ (પેદાયશો) છે તેઓનો દેવો નાશ કરે

---

* જેમકે કબરોમાંથી બદબો નીકળે છે તેમાંથી ગલીચી, ખુજલી, તાવ, નાપાકી, તાહાડીયો તાવ, ધ્રુજરીયો તાવ વગેરે દરદો લાગુ પડે છે. (વંદી૦ પરગ૦ ૭ ફ૦ ૫૮)- જુવો પાનું ૨૦ મું.

અને (પછી આ) બાકી દુનિઆમાં (દેવદરૂજો) સામે થવાની તાકતા કોઇબી (બીજો) યજદ ધરાવી શકે નહીં."

ઉપર જણાવેલાં કારણો માટે જે જગ્યામાં ખોરશેદની રોશની ન પડતી હોય ત્યાં રહેવું સલામતી ભરેલું નથી એવું અવસ્તાના લખાણો શીખવતા આવ્યા છે; એટલાં માટે બંધ જગામાં રહેવાનાં કરતાં ખુલ્લી જગ્યામાં રહેવાની હાલમાં સીફારસ કરવામાં આવે છે તે વાજબી છે, આ વખતને અનુસરતી છે. ખુલ્લી જગાપર "શેડો" બાંધવા માટેની સગવડ કરી આપવા સારૂં મરકીથી નીરાળા રહેલા જરથોસ્તીઓને પોતાની ગુંજાસ પ્રમાણે હિસ્સો આપવાની ફરજ છે, બલકે એથીબી વધારે તે પેદા કરનારનો આહ મેળવવા બરાબર છે. *

આતશની રોશનીની જરૂર.

કોઇ સંજોગ વચે જરથોસ્તીઓને એવી જગ્યાએ રહેવું પડતું હોય કે જ્યાં ખોરશેદના કીરણો પુરેપુરાં ન પડતાં હોય તો તેવી જગ્યાએ આતશને રોશન રાખવાથીબી થોડી ઘણી ગરજ સરે છે; જેથી વળી ઇંગરેજી કહેવત પ્રમાણે એક કાંકરે બે પક્ષિઓ મારવા જેવું† થાય છે. તેમાં એક ફાયદો તે એ કે ધુપ કે ધુમાડાથી સરદ હવા સુકી થવાના સબબથી હવામાં હીલચાલ ચાલુ રહે છે અને તાજી હવા આવતી જાય છે, બીજો ફાયદો એ કે આતશમાં પણ આકૃષણ શકિત હોવાના સબબથી અપવિત્રાઇ દુર થાય છે અને જીવજંતુઓને નાહાસવાની ફરજ પડે છે, જેની સાબેતીમાં એવું કહી શકાય કે આતશને માટે અવસ્તામાં "આથ્રો અહુરહે મજ્દાઓ પુથ્ર" એવો એલકાબ છે, જેનો અર્થ જેમ એક ગમથી "આતશ અહુરમજ્દનો પુત્ર" (એટલે અહુરમજ્દ ને એટલો પ્યારો), તેમ બીજી ગમથી "અહુરમજ્દને લગતી (પેદાશો) ને પવિત્ર કરનાર" એમ પણ થઇ શકે છે.

* * *

વંદીદાદ જ્યારે ઘણી ભીનાસવાળી જગ્યાને સુકી કરવા ફરમાવે છે ત્યારે કોઇબી રીતથી તેમ થવું જોઇએ, એટલા માટે ભીનાસ સુસી લે

---

* આ ફરજ જરથોસ્તીઓએ પુરેપુરી બજાવી છે એ ખુશી ભરેલું છે.

† એક પંથ ઓર દો કાજ.

એવી કોઇ પણ ચીજ કે પદાર્થનો ઉપ્યોગ થઇ શકે, જેવી કે રેતી, *ચુનો વગેરે; તેમાં કાલી રેતી મુખ્ય કરી ઘણી સારી છે. જ્યારે વળી જીવજંતુઓ કે કીડાઓ તરફ અવસ્તાનો ઘણો ધિક્કાર છે, ત્યારે આવા વખતમાં ખાવા પીવામાં ઘણીજ સુઘડતા રાખવી ઘટે છે. વગર ખાત્રીના પાણીનો પીવામાં ઉપ્યોગ કર્યા અગાઉ તે પાણી ઉકાળી અને એ રીતે જીવજીંતુઓનો નાશ કર્યા પછી પીવું બેશક ફાયદાકારક છે; અને તેજ પ્રમાણે ભીનાસથી પણ દુર રેહેવું જોઇએ. કોઇબી રીતે સ્વચ્છ પાણી ઉપ્યોગમાં લેવું એ જરથોસ્તી દીનને અનુસરતું છે.

સ્વચ્છ પાણી.

પાણી, તેની અસલ હાલતમાં નિર્મળ અને સ્વચ્છ છે; પીવામાટે તે ફાયદાકારક છે. આદમજાત જન્મ અને મરણ એ બંને વખતે પ્રવાહી પદાર્થપર જીવે છે એવું પેહેલવી કેતાબ બુનદેહેશ કહે છે.

પાણી જો સાફ હોય તો પીવા માટે તે ફાયદાકારક છે એટલુંજ નહીં, પણ સ્વચ્છ પાણી બદનની સફાઇ માટેનું એક સાધન છે. જુદ્દીન ના હાથનું પાણી પીવા તથા વપરાસ માટે ઉપયોગમાં લેવું જોખમ ભરેલું છે. એટલા માટે બદનને સાફ રાખવા સારૂં અને તેમ ચોખ્ખું પાણી ઉપયોગમાં લેવું ઘટે છે. પવિત્રાઇથી મનની શાંતી તથા અશોઇ જારી રહે છે, જેથી વહેમ કે બુરા વિચારો મનમાં ઠરતા નથી, અને એ રીતે આફત કે વગર મોતનું મોત સામે આવી ઉભાં રહી શકતાં નથી. નાહી ધોઇ બદનને પવિત્ર કર્યા પછી ઇબાદત કરનારાઓનાં તન અને મન કેવાં સુખી તથા ખુશ રહે છે, તે સરવે જરથોસ્તીઓ સારી રીતે સમજે છે. "હફતંગ યસ્ત" માં પાણીને "બન્ને દુનિયા માટે પાક કરનારાં" તરીકે જણાવ્યાં છે. અલબતાં તેઓ પોતે પાક હોવા જોઇએ. "હફતંગયશ્ત" ઉપરાંત "યજસ્ને" ના ૧૨ મા હામાં, "માહાબોખતાર નીયાયશ"માં"અહુરમજદયસ્ત" વગેરેમાં એજ રીતે નિર્મળ પાણીની સ્તુતિ ગાવામાંઆવી છે. પાણીની પવિત્રાઈ વિષે વધુ જાણવાંજોગ બીનાં "પાણી,

---

* જીવજંતુઓને મારનારી અને ઉડતા રોગોને નાશ કરનારી દવાઓમાં (ડીસઈન્ફેકટન્ટોમાં) "કલોરાઈડ ઓફ લાઈમ" તેમજ "કલોરીન ગેસ" વિશેષ ધ્યાન હાલમાં ખેંચે છે.

જમીન અને ઝાડપાન" એ વિશય બાબે ઇનામનો રેસાલો મેં છપાવ્યો છે તેમાં વિગતવાર આપી છે.

પાણીનો બીગાડ.

નળનું પાણી જ્યારથી વપરાસમાં આવવા લાગ્યું છે, ત્યારથી પાણીની કિંમત ઓછી થઈ છે. જેબી ચીજ આપણને સોંઘી મળે તેનો છુટથી આપણે ઉપ્યોગ કરીએ એ બનવાજોગ છે, પણ હદ બહાર તેનો ગેર ઉપ્યોગ કરીએ એ ગુનાહનું કામ છે, જે માટે આપણે દોષીત છિયે. જ્યાં જોશો ત્યાં પાણી નવધાર ઢોળાય છે, પાણીનાં ખબોચીયાં ભરાય છે, એનો દેખી તો ગેરફાયદો એ છે કે સરદી, જીવજંતુઓ, રોગ, વગેરેનો એથી ઉપદ્રવ થાય છે, જે તનદરોસ્તી માટે નુકસાનકારક છે. તેજ પ્રમાણે સ્વચ્છ પાણીને ખરાબ કીધાથી પણ આપણે ગુનેહગાર ઠરીયે છીએ. પાણીને ખરાબ કીધાથી જે ગુનાહો માટે "ઇરાની પતેત" નો પઢનાર તોબેહ કરે છે તે નીચે પ્રમાણે છે:—

"અગરજો મેં પાણીમાં નસો * નાંખ્યો હોય, જો ખાબમાંથી બેદાર થતાં નીરંગથી મારા હાથ ધોયા અગાઉ વહેતાં પાણીથી ધોયા હોય, જો દસ્તાનને લગતી કે સુકા નસાને લગતી કોઇબી નજીસાટ પાણીમાં નાખી હોય, થુક યા નીટ નાખી હોય તો તે માટે હું પશેમાન છું."

ઉપલાનું કારણ એ છે કે પાણીને ખરાબ કરવાથી પોતાને તેમજ બીજાઓને આપણે નુકસાન કરીએ છીએ. અને તે ખરાબી વધવા સાથે તાવ, રોગ, તથા બીમારી ઉત્પન્ન થાય છે, જેમાંથી જીવડાઓ ઉગી નીકળીને બીમારીનું અને મરકીનું તેઓ રૂપ લે છે. દીનકરદના પાંચમાં પુસ્તક પ્રમાણે "આતશથી અને પાણીથી નજીસાઇને દુર ન રાખ્યાથી અપવિત્રાઇઓ વધી જાય છે. નજીસાઇ દરિયાના પાણીમાં નાખવાથી તે સઘળી હવાની અંદર મળી જાય છે. અને પવનની ગરમીની મારફતે તે નજીસાઈનો બાફ લોકોમાં પ્રવેશ થાય છે, જેથી લોકોમાં શું ગરમીનું કે શું સરદીનું જોર વધે છે." શું દીનકરદનો લખનાર આગલથી જાણતો હતો કે તેની અગમચેતી ખરી ઠરશે ? અપવિત્રાઇઓ વધી છે

---

* નસાબાબેની સમજ માટે જુવો પાને ૧૦ માં આપેલી નોંધ.

ખરી, દરિયામાં નજીકાઈ દોહવાય છે ખરી, એક જાતના બાદ્દ બદનમાં પ્રવેશ થાય છે ખરો, અને પેહેલા સરદી લાગુ પડી પછી ભારે તાવ આવે છે એ સઘળું ખરૂં કહેવામાં આવ્યું છે.

હું ધારૂં છું કે સુખશાંતી જાળવાનારા ઇલાજો, જેમાના થોડા ઘણા જરથોસ્તી દીનને લગતી કેતાબોમાંથી મેં ઉપર ટાંકી બતાવ્યા છે, અને બીજા આગળ જણાવીશ, તેઓથી જો જરથોસ્તીઓ વાકેફદાર હોય તો બાહેરના વિચારો લેવા જવાનું તેઓને કંઈ કારણ ન હોય.

પાણીમાં પડેલો નસો.†

વંદીદાદની છઠી પરગરદનો મુખ્ય ભાગ પાણીને નસાથી દુર રાખવા માટે જરથોસ્તીઓને તાકીદ કરે છે, જેમાં ખુલ્લું જણાવ્યું છે કે પાણી, જો નસા કે એવી બીજી ખરાબ ચીજોથી ભેળાયલું હોય તો તે પાણી માણસ કે પશુ ઢોરો એ બંને માટે નુકસાન કારક છે. બને તેમ જલદી પાણીમાં પડેલી કોહી ગયલી ચીજ ચોકસાઇથી પાણીમાંથી કાઢી નાખવી જોઇએ છે, તે એવી રીતે કે તે વળી કાઢનારને કે બીજી ચીજોને લાગે નહીં યાને ઈંગ્રેજી કેહેવત પ્રમાણે From frying pan into fire એટલે "પેણામાંથી બળતાંમાં પડવા" જેવું થાય નહીં. જેમ જેવી વસ્તુ, વધુ યા ઓછી કોહી સડી ગયલી, તેમ વધુ અથવા ઓછું પાણી રદ કરવું તેમજ તેમ કર્યાપછી વધુ યા ઓછી મુદત સુધી બાકીનું પાણી ઉપયોગમાં ન લેતાં હવા તથા ખોરશેદની રોશનીથી પાક થવા દેવું, એવું વળી એજ પરગરદમાં જણાવવામાં આવ્યું છે; જે રીતે જોતાં જેવી રીતથી પાણીનો ઉપયોગ આપણે હાલ કરીએ છિએ તે રીત આવી વખતે પસંદ કરવાજોગ ન કહેવાય. વંદીદાદની પેહેલવી સરેહમાં વધુ ઉમેર્યું છે કે તે કામ તેજ ઘેહમાં થવું જોઇએ, નહીં તો ૧૩ મહીના સુધી તે પાણી ઉપયોગમાં લેવાય નહીં. નળનાં પાણીમાં કોઇ ખરાબ વસ્તુ ભેળાયલી છે કે નહીં તે આપણે ચોકસ જાણી શકતા નથી, એટલાં માટે મેં આગલ જણાવ્યું

---

† ઘણા જણ "નસો" એટલે શું તે સમજી શકતા નથી. કોહીસડી ગયલી (decomposed) ચીજને નસો કહે છે; વાસ મારતી ચીજ જે તનદરોસ્તીને નુકસાનકારક હોય તે નસો કહેવાય છે; એવી ચીજ ભીની હોય તો "ભીનો નસો" અને સુકી હોય તો "સુકો નસો" જેવાકે બાલ, નખ, વગેરે.

તેમ ઉકાલેણું પાણી ફિલટર કર્યા પછી યા બીજી કંઇ રીતથી સાફ કર્યા પછી ઉપ્યોગમાં લેવું સલામતી ભરેલું તેમજ અવસ્તામાં દીધેલી શિખામણ પ્રમાણે સાફ કરેલું કહેવાય.

નસાનો દેવ.

મરકી કેમ લાગુ પડે છે તે બાબે સમજાવતા ઘણા ડૉકટરો કહે છે કે ચોકસ જાતના જીવજંતુઓ ઉભરાઇ નિકળી દમવાટે યા ખોરાક સાથે આદમીઓના શરીરમાં દાખલ થાય છે અને એકઠાં થઇ ગાંઠની સાથે શરીરના ચોકસ ભાગોમાં વાસો લેછે જ્યાં તેઓ દરદીને જીવલેણ થઇ પડે છે. કોઇક ડૉકટરો એમ કહે છે કે આ જીવજંતુઓ બહારથી આવી આદમીના શરીરમાં દાખલ થતાં નથી પણ તેઓ શરીરમાંજ રહે છે અને જ્યારે માણુસ ઝેરી હવા દમવાટે શરીરમાં લેછે ત્યારે તે જીવજંતુઓ શરીરના ચોકસ ભાગોમાં ઉભરાઇ નિકળે છે. અવસ્તાના * લખાણ પ્રમાણે જ્યારે શરીરમાં કોહોવાટ લાગુ પડે છે ત્યારે "દરૂજે નસુ" યાને "નસાનો દેવ" તે આદમીપર ગલબો કરે છે. અહીં અવસ્તાની મતલબ એક ગમથી મુવેલાં બદન પર થતી અસર માટેનો યાને મુવેલું બદન કોહોવાટ પકડે છે તથા તેમાંથી બદબો નિકળે છે તેનો ચીતાર આપે છે, તેમ બીજી ગમથી "ન્યુમોનીઓ," "પાઇમીઆ," જોરાવર "તાઇફ્સ ફીવર," "બ્યુબોનીક ફીવર" વગેરેના ઝેરી તાવમાં મોતની નીશાનીનો કંઇક ખ્યાલ આપે છે. કોઇબી રીતે જોતાં આ જીવજંતુઓ ગોયા નાશકારક† દેવો છે અને તેઓનું સામન્ય રૂપ તે "દરૂજે નસુ" છે એટલે આ નાશકારક જીવજંતુઓને વંદીદાદમાં જણાવેલા "દરૂજે નસુ" ના વર્ગમાં કાં નહીં સમજવામાં આવે તેનો કંઈ સબબ નથી.

હાલ તર્ક ચાલે છે કે આ મરકી કીડીઓ તથા ઉંદરોની મારફતે લાગુ પડે છે. તેમબી હોય, તોપણ જાણવું અગત્યનું છે કે આ બન્ને ખ્રફ્સ્તરો છે. ખ્રફ્સ્તરોને અવસ્તામાં આ દુનિયાના માણસોનો નાશ કરનારા હેરેમનની પેદાશ તથા તેનાં હથિયારો તરીકે સમજવામાં

---

* જુવો વંદીદાદ પરગરદ ૭ મી.

† વંદીદાદની ૭ મી પરગરદમાં "દેવો" માટેનો જે ઈસારો આવે છે, તે નાશકારક નાપાક કીડાઓ તથા જીવજંતુઓ માટે છે.

આવ્યાં છે. કેટલાકોનું કેહેવું એમ છે કે માંખની મારફતે મરકી લાગુ પડે છે અને બીજી દીનવાળાઓના ધર્મ પુસ્તકોમાં પણ એવો કંઈક ઈસારો જોવામાં આવે છે. તેમ જો હોય તો વંદીદાદમાં જણાવેલા કદ-રૂપી માંખના આકારમાં આવતા "દરૂજે નસુ" ની હકીકત ખરી ઠરે છે. સાતમી પરગરદ પ્રમાણે તે "ગંધાતી, ઘણીજ દુષ્ટ ખ્રફ્સ્તર જેવી, આગળથી ગુઠણવાળી, પાછલ બેહદ ગલીચી ધરાવનારી એવી એક માંખના આકારમાં ઉત્તર દીશા તરફથી તે ધસી આવે છે."

નીરંગ.

જ્યાં સુધી આ મરકીએ દેખાવ ન દીધો હતો ત્યાં સુધી મુવેલાં-ઓને સચકવાની વખતે, પાયદસ્ત કાઢતી વખતે, પાયદસ્તથી પાછા ફરતી વખતે નીરંગનો જે છુટથી ઉપયોગ કરવામાં આવતો હતો, તેમજ બીછાનેથી ઉઠયા બરાબર શા માટે નીરંગ લેવામાં આવતો, વગેરેની ખુબી સુગાત્રાઓએ પીછાણી ન હશે, પણ જ્યારે મરકીની વખતે મુવેલાં-ઓને બહાર કાઢયા બરાબર જગ્યાને દવાઓથી (ડીસઇન્ફેકટન્ટોથી) ધોઈ સાફ કરી નાખવામાં આવે છે ત્યારે કંઇક ખ્યાલ આવતો હશે કે નીરંગ છાંટવામાં પણ કંઈ ભેદ સમાયલો હોવો જોઇએ, જે માટે વધુ હું પછી કહીશ. પાયદસ્તે ગયલાઓને નીરંગ લઈ નાહાવાની ફરજ પાડવી તથા નજીસાઇની અડફટમાં આવેલાંઓને નહાન નાહાવાની ફરજ પાડવી એમાં વંદીદાદની મકસદ બીજી કંઈજ નહીં પણ જેમ બને તેમ સૌથી સરસ સુઘડતા જાળવવા માટેની સમજી.

વરસાદની અસર.

મરકીની શરૂઆતથીજ લોકોમાં એવો ખ્યાલ બેઠો હતો કે ગયા વર્ષનો વરસાદ પેહેલાં એકદમ વગર યોભવે પડી પછવાડેથી કમ વરસ-વાથી આ ખાનાખરાબી થઈ છે; તેપણ માનવા જોગ છે અને એ વિચારને પણ અવસ્તાનાં મતથી ટેકો મળે છે. "સરદ હવા" ની બાબદ દમાં હું અગાઉ (૪ થે પાને) કહી ચુકયો છું કે મરકીનું દેખીતું કારણ (Physical cause) આ છે ખરૂં. જ્યાં સુધી ખોરશીદનો તાપ સખત પડી (જે માટે પણ "ખોરશીદની રોશની" ની બાબદમાં ૬ પાને મેં

કહ્યું છે) એટલે બીલ્લે વરસાદ પડે નહીં ત્યાં સુધી મરકી એકદમ નાબુ-
થવાનો ઘણો સંભવ નથી. વંદીદાદની ૨૧ મી પરગરદપરથી એવી
મતલબ ઉઠે છે કે "વરસાદ તનદરોસ્તી આપે છે, તથા ગુનેહગારોથી
ખરાબ થયલી જમીનને તે ધોઈ નાંખે છે." ખરેખર તેમજ છે, કારણ કે
વરસાદ સીધો વરસવા વગર લોકોમાં અસુખાકારી છે, અને રોગથી ઉભ-
રાઈ ગયલી જમીનને ધોઈ નાખવી વરસાદ વગર મુશ્કેલ છે.

"કરનાર તો તે સાહેબજ છે"

તે પ્રમાણે અવસ્તાની રૂએ જોતાં અહુરમજ્દની મરજી વગર કંઈ
થતું નથી, તેમ વરસાદ પણ વરસી શકતો નથી, અને મરકી પણ નાબુદ
થઇ શકતી નથી; યાને તેનું ખરૂં કારણ (Spiritual transgression)
તો તેજ છે. સૌ સૌના કારણો માટે તે સાહેબે રસ્તા કરી રાખેલા છે,
તેમ અહુરમજ્દે વરસાદ માટેનો મુખ્ય મદદગાર

તેશતર તીરયજદ

ને નેમેલો છે, એટલેજે એ સેતારા (Dogstar or Sirius) ના અમલપર
વરસાદનો આધાર રહેછે. તીરયસ્ત પ્રમાણે જો તેશતર તીરયજદની આરા-
ધના કરી હોય, તો તેશતરને પોતાના કામમાં મદદ મળી શકે એમ છે;
યાને જોગી બંદગીથી અહુરમજ્દ કંઇક મદદ આપી શકે છે, કારણ કે
તે સાહેબની ઇચ્છા વગર કંઇ થઇ શકતું નથી. (વંદી૦ પરગ૦ ૫).

જેમ ભલા મીનોની ઇચ્છા આબાદી માટેની છે તેમ હેરેમનની
ઇચ્છા બરબાદી માટેની છે; જેથી "અપઓશ" દેવ તથા "સપુઝ-
ગર" દરૂજ વરસાદના કામમાં હરકત નાંખે છે, એમ અવસ્તા ઉપરાંત
પેહલવી દીનકરદ ખુલાસો કરે છે, આપણે લોકોને એક બીજાને કેહતા
સાંભળ્યાં હશે કે

"તમારાં પાપે વરસાદ આવતો નથી".

એમ કેમ બને? લોકોનાં પાપો સાથ વરસાદને શું લાગે વળગે?
આવા સવાલો હાલના ફિલસુફો કરે છે, પણ જ્યારે દીનકરદ જેવી પુરા-
ણી કેતાબમાં એવી રીતનું લખાણુ મળે છે કે "દેવો ઉપરાંત જાલમોની
નજર જો પાણીના બાદપર પડે છે તો વરસાદને હલાકી પહોંચે છે",

તો તે વખતના લોકો પણ શું એમ કરતી હતાં? બીજી ક્રિયાઓ સાથ ગયા તીર મહીનામાં તેશતર તીરયજ઼દ માટેની પણ બેગી બંદગી થવી જોઇતી હતી. હજી પણ ધહમબારોના જશનોના જમનોની વખતે ખાના ઉપર તેશતર તીરયજ઼દને યાદ કરવામાં આવે છે, અને તે રીત આગલા જમાનાના જ઼રથોસ્તીઓએ એખત્યાર કીધેલી હજી જળવાઇ રહી છે એ સંતોષકારક છે.

જમીનને લગતી બાબદો.

પાણીની સ્વચ્છતા, તેના સારા ઉપયોગથી થતા ફાયદા, તેના ખરાબ ઉપયોગથી થતા ગેર ફાયદા, તેનો હવા, ખોરશેદ તથા આતશ સાથનો સંબંધ, તેનાથી જળવાતી પવિત્રાઇ, ભીનાસમાંથી ઉગી નીકળતાં જીવ-જંતુઓ વગેરેને લગતું દાસ્તાન આગલી બાબદોમાં આપ્યા પછી "જમીન" ને લગતી બાબદો માટે મને ઘણું કહેવું પડશે નહીં, કારણકે તેને લગતું વર્ણન ઘણું ખરૂં એકમેકને મળતું છે અને પાણીનો "જમીન" સાથ ઘણો સંબંધ હોવાને લીધે કેટલીક વિગતો અગાઉ જણાવી ચુક્યો છું.

તોપણ જાણવા જોગ એ છે કે જમીન સુકી છે, પોતે પાક છે, અને જેટલી ઝડપથી નજીષાટથી પાણી કોહોવાટ પકડી લે છે તેટલી ઝડપથી જમીન પકડી લેતી નથી. તેથી ઉલટું જમીન વધારે જલદીથી પાક થઇ શકે છે. જમીનને જો સાફ રાખી હોય તો તેથી તે અથવા તો તેને લગતો ફરેશટો "સ્પન્દારમત અમશાસપંદ" ખુશી થાય છે તથા સારી દુવા દે છે; અને ખરાબ રીતે રાખી હોય તો તે નાખુશ થાય છે અને કદુવા દે છે.

જમીનપર નજીષાટ નાંખવામાં આવ્યો હોય તો તે અપવિત્ર થાય છે; જેથી જો આપણે તેવી ખરાબ થયલી જમીન ઉપર ઉઘાડે પગે ચાલીએ નહીં કે પીશાબ કરીએ નહીં તો તેનો દેખીતો ફાયદો આપણા શરિરને નજીષાટથી દુર રાખવાનો છે. બને ત્યાં સુધી સુકી જગ્યાપર પીશાબ કરવી સારી છે કે જેથી કોઇનો રોગ આપણને ઉડે નહીં.

પોતાની સપાટીપરથી દરદો, રોગો, મરકી વગેરેનો નાશ થયલો જોવાની આતુરતામાં જમીન "માંથ્ર *" ને અરજ કરે છે કે "ઓ ભલી માંથ્ર! (મારાં તમામ દરદો જો તું ડફે કરશે તો તેના બદલામાં) હું ભલી, પ્યાર ભરેલી દુવાથી તારી આફ્રીન કરીશ."

---

* માંથ્રના અસરકારક કલામો વિષે વિગતવારે પાછલ કહીશ. જુવો પાનું ૨૫.

૧૬

જમીનની ખુશાળી.

કેટલાંક કારણોથી જમીન ખુશ છે અને કેટલાક કારણોથી તે નાખુશ છે. યજ્સ્ને કરવાની જગ્યા, અશો પુરૂષનું રહેઠાણ, ખેડેલી જમીન, પશુ ઢોરો માટેના તબેલા, એટલી જમીનો ખુશ છે (વંદીદાદ, પરગરદ ૩ જી). પેહેલવી કેતાબ "મીનો ખેરદ" ઉપર જણાવેલી જમીનો ઉપરાંત તેના ખુલાસામાં વધુ જમીનોને ખુશાળ જણાવે છે, જેઓમાં તે જમીન કે જેમાંથી ખ્રફસ્તરો (નાશકારક જાનવરો) ના દરો ઉખેડી કાઢવામાં આવ્યા હોય તે, વસાવેલી જગ્યા, તે જમીન કે જે ભુંડાઓના હાથથી ભલાંઓને હસ્તગત ગઇ હોય તે, વગેરે ખુશાળ છે. એનાં કારણો દેખીતાં છે.

ક્રિયા કામ કરવાની જગ્યા અલબતાં સાફ હોવીજ જોઈએ એવી જગ્યાએ મરકીનો કેસ બનવો મુશકેળ છે.

જે મકાનમાં અશો પુરૂષ રહેતો હોય ત્યાં તે પવિત્રાઇ જાળવતો હોનોજ જોઇએ. ગમે એવી ખરાબ જગ્યા હોવા છતાં સફાઇથી અને ક્રિયાથી તે શુધારી શકે.

જે બાજુની જમીન ખેડવામાં આવી હોય ત્યાં ઝાડપાન તથા વન— સ્પતીના ઉગવાથી તે તરફની હવા પાક હોવીજ જોઇએ, પણ ધ્યાનમાં રાખવું કે તે જો સુકી હોય તો ત્યાં પાણી સીપવું જોઇએ અને જો તે ઘણા ભીનાસવાળી હોયતો તેને સુકી કરવી જોઇએ એવું વંદીદાદ ફરમાવે છે. આપણાં રહેવાનાં મકાન આગલ ઝાડપાનો રોપવાં સારાં છે.

ખ્રફસ્તરોના દરો ઉખેડી કાઢવાથી જમીન ખુશી એટલા માટે છે કે તેથી એ મુંજી જાનવરોનું વધવું થતું નથી ; અને એ રીતે નાપાકી તે જગ્યે ચાલુ રહેતી નથી. વાણીયા, ભાટીયા વગેરે જેવી પોચી જાતોએ વટીક આ ધરતીની ખોટી માયા ખાતર તથા પોતાના પ્યારા જાનની સલામતી ખાતર આ વખતે "દયા" ને એક કોરે મુકી દીધી છે.

ભુંડાઓના હાથથી ભલાંઓને હાથ ગયલી જમીન ખુશી થાય છે તેમાં બે મતલબો સમાયલી છે, એક તો જુદ્દીનના હાથથી બેહેદીનને હાથ ગયલી જમીન માટેની, બીજી એકે જમીનને બેપરવાઇથી વાપરનારના હાથથી સુઘડતા જાળવનારને હસ્તક જવા માટેની છે.

એક હીચકારાપણું.

વસાવેલી જગ્યા સદાની ખુશાળ છે. પડત જગ્યા દિલગીર છે. એક બારગી કબુલ કરીએ કે જે ઘરમાં મરકી લાગુ પડી હોય ત્યાંથી તાબડ તોબ ખાલી કરી જવાની ફરજયાત જરૂર પડે; પણ ઘણાકો પોતાનું રહેવાનું મકાન બંધ કરી વીના કારણે ગભરાટના મારેલા નાહાસી જાય છે અને તે મકાન વસીદું મેળી જમીનની કદુવા લે છે. ત્યાં નાપાકી-ના દોરનો ઇલાજ કરવાને બદલે તેને ઉત્તેજન આપે છે; જેના કરતાં તે મકાન એકદમ ખાલી કીધેલું ભલું. પાછા ફરતી વખતે બીમારી ભોગ-વાનો જોખમ શું તેઓ માથે નથી લેતાં? આવા માણસો અસ્થિર મનનાં અને અહુરમજદના કામ તરફ બેવિશ્વાસથી જોનારાં છે. મોત તો કીસમતની સરજત છે, પણ એ ખેદકારક છે કે આ ટાંકણે મુવેલાંઓની પેહેલી અને વધારે અગત્યની ક્રિયાના પણ વાંધા છે. આ વખતની મરકીએ સાબેત કરી આપ્યું છે કે જેઓ રવાન પછવાડે પછાડા ખાવાના ડોળ ઘાલે છે તેઓમાં રવાનની ગંભીર ક્રિયાની ખરી લાગણી છેજ નહીં. આ વખતે હેરેમની દોરની સામે હિંમત ભરેલી લડાઇ લડવાને બદલે તેનાથી ડરી જઈ લોકો તેને ફાવવા દેવા બરાબરનું કરે છે. કેવી જાતની લડાઇ લડવાની હું ભલામણ કરૂં છું તે હું ધારૂં છું કે વાંચનાર સમજતા હશે, પણ મારી જાણમાં આવ્યું છે કે એવાં-બી ભેજાઓની હજી ખોટ નથી કે જેઓ ખરેખર ઢાલ અને તલવારથી લડવાનું સમજે છે.

ગાયનાં મુત્રમાં દવાઈ ગુણો.

પશુ ઢોરોના રહેઠાણવાળી જમીનને ખુશાળ જણાવી છે તેનું કારણ એછે કે, ત્યાં તેઓ મુત્રે છે તથા છેદ નાંખે છે, જેથી ત્યાં રોગ ફાટી નિકળવાની ઝાઝી ચીંતા રહેતી નથી. લોકોમાં એ ખોટો વેહેમ છે કે પશુ—ઢોરોના છેદથી કે મુત્રથી રોગ ફાટી નિકળે છે. એથી ઉલટું આવી જગ્યાએ દેવદરૂજો, પલીદો, જાદુગરો, વગેરેનું જોર ચાલી શકતું-નથી. મેં આગળ જણાવ્યું તેમ ગાયના મુત્રમાં કેટલાક ખાર એવા છે કે જેઓ કારબોલીક આસીડ કે બીજા ડીસઇન્ફેકટન્ટોની જેટલી હદમાં જોઇએ એટલી હદમાં ગરજ સારવાના ગુણો ધરાવે છે. ઘણા જરથોસ્તી-

ઓ હાલમાં ગાયનામુત્રની સુગ રાખવા શિખ્યા છે. અને અજાયબ જેવું એ છે કે કેટલાક સુંદર હાથો ગાયનામુત્રથી કાલા પડી જતા નથી કે તેઓને કોહોવાટ લાગુ પડતો નથી ત્યારે કેટલાક કાલા હાથોને કોહાવાટ લાગુ પડી જાય છે.

માત્ર ડીસઇન્ફેક્ટંટ તરીકેજ નહીં, પણ ઘણા હઠીલા દરદોમાં ગાયનું મુત્ર એક અકસીર દવા તરીકે સાબેત થયું છે. વાયુને લગતા દરદોમાં લેપ બનાવવા માટે તથા જલંદર, કોદર તથા પેટ અને આંતરડાને લગતા દરદો માટે પીવાની દવા બનાવવા શારૂ દેશી વૈદો એનો ઉપ્યોગ કરે છે; અને જ્યારે એવા દરદો માટે બીજી દવાઓ નિષ્ફળ નિવડી છે ત્યારે ગોમુત્રથી બનાવેલી દવા છેલા ઇલાજ તરીકે અકસીર જણાઇ છે. ગાંઠયા તાવની આ મરકી માટે ડાકટરો જે દવા આપે છે તેમાં તેઓ કારઓલીક આસીડ તેના ઘટતા નાના પ્રમાણમાં આપવાને ચુકતા નથી. નહાંન નાહતી વેળા જે ફરજયાત આપણુને નીરંગ પીવો પડે છે તેમાં ત્યારે કાંય નહીં એવી મતલબ સમાયલી હોવી જોઇએ કે જેથી તનથી અને મનથી (Physically and Spiritully) આપણે પાક થઈએ ?

જેઓ ઘણાજ ગરીબ હાલતમાં હોય છે તેઓ છાણથી લીપેલી જગ્યાપર કેવા શાંત નિદ્રાવસ થાય છે ?

દાસ્તાન કહે છે કે જમશેદ પાદશાહનો પગ એક વખતે રોગીષ્ટ થયો હતો. એતેફાક એવો બન્યો કે એક દહાડે ગાયોના તબેલામાં તેનું જવું થયું, અને તેજ વખતે એક ગાયનું મુતરવું થયું, જેના છાંટા જમશેદના દરદી પગપર ઉડયા. થોડાક કલાકમાં જમશેદને કંઇક આરામ જણાયો, જેથી તેની તપાસ લીધા પછી ખાત્રી થઇ કે ગાયનામુત્રથીજ તેનો દરદી પગ સાજો થયો હતો. એ વખતથી નીરંગ લેવાનો રવયો ચાલુ થયો હતો. હિંદુઓની દંતકથામાં જણાવેલો છેક પુરાણા જમાનામાં થઇ ગયલો "યમ" તે "જમશેદ" હતો એવું કહેવાય છે એટલે હિંદુઓમાં પણ એ ચાલ તેજ વખતથી દાખલ થયલો હોવો જોઇએ.

*   *   *

ઉપર જણાવેલા પ્રકારની જમીનો ખુશાળ છે અને તે શખસ ખરેખર ભાગ્યશાળી છે કે જે જમીનને સારી રીતે વાપરે અને ખુશી કરે (વંદીદાદ, ફરગરદ ૩ ૭).

જમીનની દિલગીરી.

જે કારણોથી જમીન ખુશાળ છે તેથી ઉલટાં કારણોથી તે નાખુશ છે. એમાં નવાઈ જેવું કંઇ નથી અને જાણવા જોગ ઘણું નથી, જેથી તેનું પીજન કરવા ચાહતો નથી. જમીનને નાખુશ કરનાર શખસ ખરેખર કમબખ્ત હોવો જોઇએ. દેવદરૂજોનાં રહેઠાણુની જગ્યા, કબરસ્થાન, ઘોર, ખ્રફસ્તરોના ખાડાઓવાળી જગ્યા, તે જગ્યા કે જ્યાં અશો પુરુષના બાયડી છોકરાં રૂદન કરતાં હોય, એટલી જમીનો દિલગીર છે; એવું લગભગ એક સરખું લખાણ એજ પરગરદમાંથી તેમજ મીનોખેરદમાંથી મળે છે. જમીનમાં નસો ડાટયાથી તે અત્યંત દિલગીર છે. વંદીદાદનો કેટલો ધિક્કાર નસો ડાટવા બાબે છે તે ૭ મી પરગરદ પરથી તુરત જણાશે. એ પરગરદમાં જણાવેલા "દેવો" માટે મેં આગલ * જણાવ્યું છે કે તેઓ કીડાઓ, જીવજંતુઓ વગેરે માટેનો ઇસારો છે, જેઓ નસામાંથી ઉત્પન્ન થઇ નાશકારક રોગ, દરદ, તાવ, મરકી વગેરેના ઉભરી આવવાનું કારણ આપે છે, જે માટે વધુ કહેવું અત્રે દુરસ્ત નથી, પણ જે માટે વિગતવાર ખુલાસો મેં મારા "પાણી, જમીન અને ઝાડપાન" વાળા રસાલામાં આપ્યો છે. પણ મીનોખેરદમાં જે ૧૦ જાતની જગ્યાઓને ધિક્કારવામાં આવી છે તેમાંની એક જગ્યા આપણું વિશેષ ધ્યાન ખેંચે છે અને તે

બુત પરસ્તીનું મકાન

છે. અફસોસ, અને એ શરમ ભરેલું છે કે, આવી આફતના માટે કે બીજાં નજીવાં કારણો માટે, પોતાને ફાયદો કરવાની મતલબથી કે બીજાઓને નુકસાન કરવાની મતલબથી, પોતાની જીત મેળવવાની મતલબથી કે બીજાઓની આબરૂને હીણું લગાડવાની નીચ મતલબથી થોડીક પારસી સ્ત્રિઓ હાથમાં દવાના બાટલાઓ † લઇને બુત પરસ્તોનાં કે તેઓનાં ઓલોમાં કહું તો જાદુકોટલ કરનારાઓના (હું જ્યોતિષ્ટો માટે કહેતો નથી) મકાનોમાં રખડતી જોવામાં આવે છે, જેઓ અપવિત્ર ચીજો પોતાને ઘર લાવી રાખે છે, અને એ રીતે જ્યારે એક ગમથી બીજા બાડુતોના મકાનમાં દરૂન બાજની ક્રિયા ચાલે છે ત્યારે તે નાપાક સ્ત્રિઓ

---


* જુઓ ૧૧ માં પાનામાં આપેલી નોંધ.

† દવાખાનામાં જવાનાં બહાને.

માંથ્રના કલામોની અસરને આડકતરી રીતે નુકસાન કરે છે. કેવું અજાયબ જેવું? અને વધુ કેવું અજાયબ જેવું કે માથે સફેદ રૂમાલ નાંખી તેઓ કલાકો સુધી "ભણે" છે,* જેમાં "પતેત પશેમાંની" ના કરદાઓ આસપાસનાંઓનું તુરત ધ્યાન ખેંચે છે કે પોતે કીધેલા કરતુકો (કૃત્યો) નો તેઓ પસ્તાવો કરી બીજી ગમથી માંફી માંગે છે. એ રીતે તેઓ સ્પેનામીનો અને અંગ્રમીનો એ બન્નેને માને છે. આવી સ્ત્રિઓ થોડી છે અને તેઓ ઉંચ ખાનદાનની કે ઉંચ કેળવણીવાળીઓ નથી એ સંતોષકારક છે.

---

* ખરી બંદગી વિષે જુઓ પાનું ૨૬ મું.



મરકીને લગતી બારીક તપાસ— ભેદ, કારણો તથા ઇલાજ.

કોપ તથા કુદરતની કરામત.

મરકીનું દેખીતું કારણ હજી ચોકસ પકડાયું નથી. એક જાતનો સરદ પવન ફુંકે છે, જે આદમીના બદનમાં પ્રવેશ થઈ તાવ લાવે છે તથા ગાંઠ બાંધે છે એવી મતલબનું મેં શરૂઆતમાં જણાવ્યું હતું, તે તર્ક આજ દીન સુધી તો ખરી ઠરેલી લાગે છે. એ હાલ તુરતતો જેમ આગળ જણાવ્યું તેમ તેનું બહારનું યાને દેખીતું કારણ (Physical Cause) છે; જયારે બાતેનનું એટલે ખરૂ કારણ તો ઇશ્વરી કોપ (Spiritual Transgression) છે, જે આગલા કારણને માત્ર પોતાનું હથિયાર બનાવી પોતાનો ગુસ્સો બહાર પાડે છે.

કુદરતના ભેદને કોઈ પુગ્યું નથી. ખુદાઇ લાકડીને અવાજ નથી. તેનો ફટકો છુપો પણ ભારી છે. મગરૂર પાદશાહો પાયમાલ થયા છે. ઘણાક નામીચા શહેરો જમીનદોસ્ત થયાં છે. તેમ મગરૂર મુંબઇ શહેર, જે તેની બુલંદીમાં સઉથી ઉંચી ટોચપર ચહડવાની અણીપર હતું, અને જે ખરેજ હિંદુસ્થાન દેશમાં સરવેથી ચઢીયાતું ગણાતું હતું, તે સહેજમાં નજદીક વેરાન જેવું થઇ પડયું; તેનું બજાર સુસ્ત બન્યું, અને એ શહેરનું નામ, કે જે સરવે આલમના મહોંપર રમી રહયું હતું, તે એક દમ ભયંકાર થઇ પડયું, જેથી લોકને જેમ ફાવ્યું તેમ એ શહેરમાંથી નાસ ભાગમાં પડયા.

આ પ્રમાણે કુદરતના ભેદને સંપુરણ સમજવાનું આદમ જાતનાં નસીબમાં સરજેલું તો નથીજ; એટલાં માટે આવો કોપ ઉતરવાનું કારણ અને વિદ્યા તથા શાસ્ત્રમાં ઘણાજ આગળ વધેલા જમાનામાં વઇદક શાસ્ત્રની નિષ્ફળતાનું કારણ પણ સમજી શકાતું નથી.

હિંદુઓ આ મરકીનું કારણ "કાળી માતા" નામની દેવીના કોપનું માને છે. એને ઇશ્વરનો કોપ કહો કે "કાળીમાતા"નો કોપ કહો, પણ એ કોપ આદમજાત પોતાની ગફલતીથી અને બેપરવાઇથી લાવે છે. મગરૂરી, બેઇમાની, લુત્રાંપણું, ધુતારાપણું, અદેખાઈ, બદગોઇ, અનીતિ વગેરે ઘણાં ગુનાહો અસાધારણ થઇ પડયા છે અને એવો મામલો જો ચાલુજ રહયો તો "શરમ" જેવી ચીજની હસ્તીનો છેડો આવેલો સમજવો.

વહાલાંઓ તરફ આપણી ફરજ.

આ ગજબનું દુ:ખ ગુજરનાર શખસનાં કરતાં તેનો વીલાપ કરતાં તેના વહાલાંઓ ઉપર વધારે છે, નહીં ખમી શકાય તેવું છે. ગુજરનાર તો બેમાલુમ રીતે આ ફાની દુનિયાથી ધરાઇને અત્રેથી છુટકારો મેળવે છે, એટલે આ જે આફત છે તે વીલાપ કરતાં તેનાં વહાલાંઓ ઉપર છે. એટલા માટે તે સાહેબ જે આપણા જીવનો માલેક છે તેના શિવાય બીજા કોઇ પણ ઉપર સહેજ પણ ભરૂસો ન રાખવો અને મનને શાંત રાખી તે સાહેબની બંદગી ચાલુ રાખી તે સાહેબ જે ચમતકાર દેખાડે તે જોયા કરી આપણા વહાલાંઓની બીમારી વખતે ધીરજથી સેવા બજાવવી, તેઓને હિંમત આપવી, અને પોતાના જીવના પ્યાર ખાતર સેવટની વખતે તેઓથી દુર નાહાંસી આંખની શરમ ન છોડવી એ આપણો ધરમ છે. કારણ કે આ દુનિયામાં આવી

મરકી કંઇ પેહેલી વખતની નથી.

કંઈક કંઇકિ જમાનાઓમાં મરકીઓ, મોટી આગો, ભારે રેલો, ધરતીકંપો કે એવી બીજી આફતો આ દુનિયામાં આવી પડેલીઓ તવારીખો ઉપરથી માલમ પડે છે, પણ મારી બાબદ "અવસ્તા"ને લગતી હોવાથી તેમાંથી થોડું જણાવીશ.

વંદીદાદની પેહેલી પરગરદની સરૂઆતમાંજ પેહેલાં તો એનો ઇસારો મળે છે કે જેમાં અહુરમજ્દ કહે છે કે "ઓ સ્પિતમાન જરથુશત્ર ! જો (આ દુનિયાની) જગાઓને ખુશાળ અને રામસ્નીના દેખાવ વાળી કરવાની ખાહેશ હું ન રાખતે તો આ દુનિયાના તમામ લોક (માત્ર એક જગ્યા) 'ઇરાનવેજ' માં ઉભરાઇ જતે. પેહેલી, બીજી વગેરે (એવી સોળ) જગ્યાઓ રામશનીની પોદાશોવાળી મેં બનાવી, પણ ઘણીજ રામશનીવાળી (બનાવી શકયો) નહીં, કારણ કે તે દરેક જગ્યામાં કંઇ અને કંઇ પીડા તો હતીજ, અને તે એકે માણુસોપર દેખીતી રીતે ઇજા અને આફત આવી પડતી હતી." એક ગમથી અહુરમજ્દ જેમ જેમ એકકું શેહેર વસાવતો ગયો તેમ તેમ બીજી ગમથી હેરેમન કંઇ અને કંઇ આફતો લાવતો ગયો, જે આફતો આ મરકીને વીસરાવે એવી હતી, જેવી કે મોટા સાપોનો ઉપદ્રવ, નહીં ખમાય એવી ટાઢ, ઝેરી માંખોનો

ઉપદ્રવ, ઝેરી ભમરાઓનું ઉભરાઇ જવું, **ખુનરેજી, તકોબરી,** બેહદ કંગાલીઅતપણું, 'ખાનાથઇતી' પરીનો દોર, લોકોમાં **અતિશય પાપો, બુરીઆદત, જાદુ,** કવખતનું દસ્તાન, ઉપરાંત બીજાં દુષ્ટ રોગો વખતે વખત ઉભરી નિકળ્યા હતા. એમાં કાળા ટાઇપોથી દેખાડેલા ફૂકર્મો આદમ જાતના કરતુકો છે.

વંદીદાદની બીજી પરગરદમાં જે જણાવવામાં આવ્યુ છે કે અહુરમજ્દે જમશેદ પાદશાહને અગમચેતી આપી હતી કે અતિશય બરફ પડી, નહીં ખમાય એવી ઠંડી પડશે, અને બરફના પિગળવાથી મોટી રેલ આવશે, માટે તેણે એક ગુફા બનાવી ત્યાં અગાઉથી સંસ્થાન સ્થાપવું અને તેમ બન્યું હતું તે બીનાં, તથા ખ્રિસ્તી "બાઇબલ" (Old Testament) મુજબ આજથી ૪૦૦૦ વર્ષોની વાત ઉપર એવીજ અગમચેતી ખુદા તરફથી "નોઆ" નામના એક અશો પુરુષને આપવામાં આવી હતી જેથી તેણે એક વહાણ (arc) બંધાવી તેમાં પોતાને તથા પોતાના કુટુંબને બચાવી રાખ્યું હતું, જ્યારે તમામ દુનિયા રેલથી તણાઇ ગઇ હતી તે બીના, એકમેકને મળતી આવે છે.

હિંદુશાસ્ત્ર તો એટલી હદ સુધી કહે છે કે માણસોના પાપોથી ઘણી વેળા પૃથ્વી પાણીમાં ડુબી ગઇ હતી. તેને ડુબતી બચાવવા માટે તેનો ધણી "વિષ્ણુ" બીજા અવતારોમાં આવી ગુનેહગારોને મારી નાંખતો હતો.

"મરકી"થી અવસ્તા અંજાણ્યા નથી. મેં આગળ જણાવ્યું તેમ આવી મરકી આ (કહેવાતા કલજુગના) વખતમાંજ જણાઇ છે એમ પણ નથી. તેમ જો હોત, તો પુરાણા જમાનાના અવસ્તામાં "મહર્ક" એટલે "મરકી" યા "મોત" માટેનો શબ્દ આવતે નહીં. સાધારણ દાખલા તરીકે "અર્દીબેહશ્ત યસ્ત"માં નીચે જણાવેલા વાકયો મળે છેઃ—

"ઓ કવખતના મોત (યા મરકી) તું અહીંથી જા."

"અર્દીબેહેશ્ત અમશાસપંદ કવખતના મોત (યા મરકી)ને મારી હઠાવે છે."

"'અફસોસ કે અર્દીબેહસ્ત અમશાસપંદ અને તેને લગતી બંદગી મોત લાવનારાઓમાનાં ઘણાજ મોતમંદોને મારફાડ તથા જેર કરશે' એ પ્રમાણે પુર મરકીવાળો હેરેમન ગુસ્સાથી બોલ્યો."

[મરકીસાથ વળી ઉતર દીશા તરફથી ફુકતા પવનને પણ એજ યશતમાં તથા બીજા અવસ્તામાં ધિક્કારવામાં આવ્યો છે કારણ કે તે પવન આદમીઓની તનદરોસ્તીનો બીગાડ કરનારો તથા હેરેમન તરફથી આવતો ધારવામાં આવ્યો છે (કે જે માટેનો ઈસારો હું શરૂઆતમાં કરી ચુકયો છું, જુવો પાનું ૪ થું), એ પણ એક અલંકારીકરૂપ મરકીપરથી પસાર થતી હવા માટે સમજવું અનુકુળ થઈ શકે છે. એ એવો ખરેખર એક જાતનો મોત લાવનાર પવન છે, કારણ કે આ મરકીનું ખરેખરૂં કારણ બીજું હજી પકડાયું નથી].

માણસનું ધારવું શું અને ખોદાનું કરવું શું!

તેમ સરવેની તર્કો માત્ર અટકળથી છે. વિદ્વાન ડાકટરોના મતમાં હેરફેર આવે છે. પેહેલાં માંડવીપરના અનાજપર તવાઇ આવી, પછી વાણીયા, ભાટીયા, ફુવડ ઠરયા, અને જયારે પારશીઓમાં મરકી લાગુ પડી ત્યારે અજાયબી ઉપજી, પછી જુવાન શખસોપર મરકી પ્રસન્ન છે એવું અનુમાન ચાલ્યું અને જયારે બચ્યાં તથા ઘરડાઓ ભોગ થઇ પડયાં ત્યારે ગટરોની મોહોકાણ નડી, પછી જીવજંતુંઓ ઉત્પન્ન થયાં અને સેત્રટે સરદ હવા નિકળી આવી. આ પવન, હવા કે બાફ, નથી ઝુપડી જોતો કે નથી મેહેલ, નથી જવાન જોતો કે નથી જઇફ, નથી ફુવડ જોતો કે નથી સુઘડ, નથી કાલા જોતો કે નથી ગોરા. જેમ જેમ આદમીઓ નવી નવી તરકો બાંધતા ગયા તેમ તેમ તે ગોયા સૌની મશ્કરી કરતો આગળ વધતોજ ગયો અને પોતાના નવા રંગો દેખાડતોજ ચાલ્યો છે. એને તોડનાર કોઈ છે? એનો જવાબ આપવો એ જોખમ ભરેલું છે, પણ અવસ્તા કંઇક આશા આપે છે કે "છે."

અર્દીબેહેસ્ત અમશાસ્પંદ તથા "માંથ્ર"ના કલામો

આ હેરેમની દોરને તોડી શકે છે એ મતલબનું અવસ્તાનું કેહેવું છે. અવસ્તામાં હેરેમનને જે એલકાબ આપવામાં આવ્યો છે તે "પુર મરકીવાળો હેરેમન એવો છે, કારણ કે તેની એકજ નેમ આ દુનિયાનો નાશ કરવાની છે. આ દુનિયાની શરૂઆતથીજ તેની આ એકલી ઉમેદ

જણાય છે, કારણ કે "અહુનુઅત" ગાથાનાં લખાણુપરથી સાફ માલમ પડે છે કે આ દુનિયાનો હેરમનના દોરથી બચાવ કરવાનું જરથોસ્ત સાહેબના નસીબમાં સરજેલું હતું, તથા દાદાર અહુરમજ્દે અર્દીબેહેસ્ત અમશાસપંદને આ દુનિયાની તકેદારી રાખવાનું સોંપેલું હતું, કે જે અમશાસપંદ સાહેબે "ભલી માંથ્ર" ના અસરકારક અને ભેદ ભરેલા મોતેબર કલામો બનાવવામાં દાદાર અહુરમજ્દને યોગ્ય મદદ આપી હતી કે જેથી હેરેમની દોર તુટે. આ "ભલીમાંથ્ર" તથા તે માંથ્ર જાણનારાઓની ખુબી ગાનારા ફકરાઓ અત્રે રજુ કરતાં લાંબુ થઈ જાય, એટલા માટે એટલું જણાવવું બસ થશે કે અર્દીબેહેસ્ત યશતમાં દુઃખ દરદો મટાડનારાઓના જે ૫) વર્ગો કરવામાં આવ્યા છે, કે જેઓ

૧) પવિત્રાઇના ઈલાજોથી સારૂં કરનારા (Sanitary Officers),

૨) ઇનસાફ આપી સારૂં કરનારા (justices),

૩) શસ્ત્ર વૈદો (Surgeons),

૪) દવાદારૂથી સારૂં કરનારા (Physicians), તથા

૫) " માંથ્ર " પઢી સારૂં કરનારા

છે, તેઓમાં છેલા યાને માંથ્ર પઢી દુખ દરદોને મટાડનારાઓને શ્રેષ્ટ ગણવામાં આવ્યા છે કારણ કે" તેઓ દરદીઓનું દુઃખ છેક બાતેનથી દરૂસ્ત કરે છે," એટલે જે માંથ્રના કલોમોથી જેવી અસર દરદ, રોગ, જાદુ, વગેરેપર થાય છે તેવી અસર બીજા કસાથી થઇ શકતી નથી.

આ " માંથ્ર "ના કલામો તે કેવા હશે એ જાણવા માટે વાંચનાર આતુર હોવો જોઇએ. " માંથ્ર " એટલે શું તેનો ભેદ સમજાવવો એ સહેજ લાંબું તથા કઠણ છે. અસલના વખતમાં જરથોસ્તી દીન દસ્તુરો ચોકસ કલામો પઢતા હતા જેથી તેઓ ધારેલા મોઅજેજાઓ કરી બતાવતા હતા. અવસ્તામાં જણાયલો " મઘુ " નામનો મોબેદનો વર્ગ તે હીરોડોટસ તથા બીજા યુનાની ગ્રંથકારોએ જણાવેલા મેધાઇ, મેજાઇ (Magi) ના વર્ગને મળતો આવે છે કે જેઓના મોઅજેજાઓ વિષે તવારીખો ઘણી તારીફ કરે છે. આ " માંથ્ર " તે હિંદુઓના " મંત્ર" ના જેવાજ છે કે જે માટેની પુરતી સમજ મેં મારા " અથોરનાન, પેહેલવાન, ખેડુત તથા કારીગર " વાળા રેસાલામાં આપી છે. પણ

પણ જાણવું જોઈએ છે કે "માંથ્ર" યા "મંત્ર"ના બે વર્ગો છે; ૧) ભલી માંથ્ર, ૨) બુરીમાંથ્ર. આ છેલી યાને "બુરીમાંથ્ર" (કે જેને આપણે "મેલો ઇલમ" તરીકે સમજી શકયે) તેનો બ્રાહ્મણોએ ખરાબ ઉપયોગ કરયાથી તેને હીણવામાં આવી છે, જયારે આપણી "માંથ્ર"તો "ભલી માંથ્ર" યાને આપણા માટે ભલી પણ હેરમન માટે નુકસાનકારક છે. એ "માંથ્ર"ના કલામો તે અવસ્તાનાંજ કલામો છે, પણ ચોકસ અવસ્તા ચોકસ રીતિઓથી, ચોકસ ઢબે, ચોકસ વખતે, ચોકસ ઠેકાણે પઢયાથી તેઓની અસર કરે છે, કે જે અસર વીજળીના જેવી અને લોહ ચુંબકના જેવી (Electric and Magnetic) ખુબી ધરાવે છે. આપણી પાસે હાલમાં તેઓની ચાવી નથી, તોય માત્ર "યથા" કે "અષેમ" પણ જો પુર ધ્યાનથી, પુર એતેકાદથી પઢવામાં આવે તો "માંથ" ની કંઇક ગરજ તેથી પણ સરે છે; જેમ કે દાદાર અહુરમજદે અશો જરથોસ્તને કહ્યું કે "અએ સૌથી પવિત્ર જરથુસ્ત્ર! (મેં તને કહેલો) "અહુનવર" નો આ (દરેક) ભાગ, (યાને "યથા* અહુ વઇર્યો")ની બંદગી વચ્ચે બોલ્યા વગર, ભુલ કર્યા વગર, ગાઈને પઢે, તો તેની કિંમત સો ખુબીવાળા ગાથા, વચ્ચે બોલ્યાવગર, ભુલકર્યાવગર પઢયા બરાબર છે" (યજસ્ને હા. ૧૯). એનું સમજવું એમ છે કે થોડું ભણો, પણ ધીરજથી અને પુર એતેકાદથી ભણો અને ખાત્રી રાખો કે તે કિરતારની મેહેર ઉતરેલી છેજ. પણ તે

બંદગી

કેવી કરવી જોઇએ? બંદગી, નાં કે માથાં ઉપર સફેદ† ટુવાલ નાંખી આખો વખત ધુણ્યાં કરી દીવાના માફક બડબડી અને બાતેનમાં કોઈને ઇજા કરવાની બુરી દયાનત અને શએતાન્યત રાખી લોકોની નજરમાં પોતાને પહરેજગાર તરીકે ઓળખાવીને છેતરવાની, પણ જે થોડી, ખરાં દીલની, મીઠા સરોદની, ગંભીર, પોતાનાં મન ઉપર તથા સાંભલનારનાં મગજ ઉપર તે બારે હક તઆલાની ગેબી કુદરતની તથા તેની શકિતની પીછાન કરાવનારી હોવી જોઇએ. અહુરમજદ ખરી બંદગીની કદર બુજે છે, જ્યારે બેહેલી ભગતો, જેઓ ખરૂં પુછવા જતાં તો તેને અપમાન કરે છે તેની તે સાહેબ બરાબર ખબર લેછે.

---

* કોઈ પણ આફતની વખતે "યથા" ના કલામો પુર ઈતબારથી પઢવામાં આવ્યા હોય તો મુશકેલી દુર થવાનો સંધીયારો મળે છે.

† જુઓ પાનું ૨૦ મું.

અર્દીબેહેશ્ત યશ્ત.

જે ઢબથી અર્દીબેહેસ્ત યશ્તમાં કહેવાયલા કલામો મળે છે તે ગોથા માંથ્ર ભણી દેવદરૂજોના અને શહેતાનીઅત ધરાવનાર ગુનેહગારોના દોરને તોડવા બરાબરના મળે છે, જેથી આવા સમયે "અર્દીબેહેસ્તયશ્ત" પઢવી સારી છે. એ યશ્તના કલામોથી ખુલ્લું માલમ પડે છે કે આ દુનિયામાં જેખી ખાનાખરાબી થાય છે તેના મુખ્ય કારણો અથવા તો તેના જવાબદારો નીચે જણાવેલાઓ છે:—

"મરકી, દરદો, દેવો, દુશ્મનો, લુત્રાંખોરો, કપટીઓ, જાલેમો, નીચ ઓલાદનાઓ, નાફરમાનો, મગરૂરો, મીજાસીઓ, નીંદા કરનારાઓ, કીનો રાખનારાઓ, બુરી નજરવાળાઓ, જુઠાઓ, જાદુ કોટલ કરનારી નીચ ઓરતો, કમજાત ઓરતો અને ઉત્તર તરફથી ફુંકતો (ખરાબ) પવન."

આટલા નાપાકોની મોહોકાણ નડે છે. એમાં મરકી, દરદો, તથા ઉત્તર તરફનો પવન એટલાં માત્ર હથિયાર તરીકે દુનિયાની ખરાબી કરનારા છે જ્યારે બાકીના "આદમી" ની સુરતે દેવદરૂજો છે, જેઓ આવા ગજબના ખરાં કારણો છે, જે માટે તેઓ જવાબદાર છે.

એ સઘલાઓ ઉપર ઉપલી યશ્તમાં ફીટકાર નાંખવામાં આવ્યો છે. તેઓ નાબુદ થાય, તુટે, તથા પોતાના ફેજે પુગે(અપદ્દવરત, જનાત, તબએષયાત.) એવી દુવા તેમાં ચાહવામાં આવી છે. ઉપર જણાવેલી સઘલી "બલા" ઓને અર્દીબેહેસ્ત અમશાસપંદ જેર કરે છે (જઈન્તિ). તે સઘળાઓ હેરેમનની ખસલતના હોવાને લીધે તેઓનો પરાજય થશે એવું ચેતી હેરેમન નાચાર થઈ બલાપો કરતો તેમાં ચીતારવામાં આવ્યો છે (જુવો પાનું ૨૪ મું).

પારશીઓને વલગેલી જળો.

એ અત્યંત દિલગીરીની વાત છે કે ઉપર જણાવેલી ઘણી બદીઓએ પારશીઓમાં જડ ઘાલી છે, તેમાં લુત્રાપણું, કીનો, અદેખાઇ, કોકટપણું અને બુરામાં બુરી નીંદા ઘણી આગળ વધેલી છે એમાં કંઇજ શક નથી. જાદુકોટલ કરનારી બદ ઓરતો* તથા કમજાત ઓરતોને ખાસ કરી તેમાં સ્ત્રીજાત તરીકે જુદી જણાવી અવસ્તાએ ગોયા આપણું લક્ષ ખેંચ્યું છેકે "તેઓથી ચેતજો". આ હેરેમની ખસલતોનો નાશ થાય એવી દુવા ઉપલી યશ્તનો પઢનાર ચાહે છે તે બરહક છે.

---

* જુઓ પાનાં ૧૯ તથા ૨૦.

અવસ્તાના કલામો.

અવસ્તાના કલામોમાં ત્યારે શએતાનીઅતને તોડનારી કંઇમી ખુબી હોવી જોઇએ. એ કલામો જે પઢવામાં આવે તેની માએની યાતો તેની મતલબ સમજવામાં આવતી હોય તો પઢનાર ભણુતીવેલા જુદી જુદી લાગણીઓ ધરાવી શકે. હાલમાં તરજુમાઓ તૈયાર મળે છે અને ચાલાક પારશી જેવી જાત જો ચાહે તો ફુરસદની વેલા તે તરજુમાઓની મતલબ તુરત ધ્યાનમાં લઇ શકે અને ખરા દીનદાર બને. બનવા જોગ છે કે કેટલાક જરથોસ્થીઓને રોજ બંદગી કરવાની ફુરસદ મળતી ન હોય, અને તેજ જો ખરૂં કારણ હોય તો દિવસમાં બે ચાર વાર કુસ્તીની ક્રિયા કરવાની જે તક તેઓને મળતી હોય તેનો તેઓ ગેર ઉપ્યોગ ન કરતા હોય તો તે પણ ગનીમત છે જેને લગતી સમજ ત્રીજા પાનામાં મેં આપી છે. કુસ્તીની ક્રિયા સાથ "સ્રઓશ બાજ" પઢયાથી એક નાનીબંદગી પઢયા બરાબરનું થાય છે.

જસનો.

આખી કોમની સામટી આફ્તો વખતે જરથોસ્તીઓમાં જસનો કરવાનો રીવાજ છે. આ એક શુભ પગલું છે જેની પુઠે બીજી કોમવાળાઓ પણ ચાલે છે. દીનના દસ્તુરો તથા મુબેદો સાથ ભેગા મળી તે બારેહકતઆલાની ઈબાદત કર્યાથી આ રોગપર કંઇ પણ અંકોશ રાખવાનો કે કોપ ઉતારવાનો સંભવ રહી શકે છે. જસનો વધારે ભેગા મંડળથી, વધારે એકદીલીથી, ખરા અંતકરણથી થવા ઘટે છે, અને નહી કે દસ્તુર—મુબેદો પઢે અને બેહેદીનો મોઢું જોયા કરે, અને એ રીતે અથોરનાન અને બેહેદીન એ બંનેના હાજરાંનો સવાલ આગળ રજુ કરવામાં આવે.

આપણી ફરજો.

ભેગા મંડળ ઉપરાંત સરવેએ પોતાના મકાનમાં અવસ્તા પઢવા વધારે જરૂરના છે, (જે માટે મેં આગળ કહયું છે), કે જેથી આખા કુટુંબનો ભય દુર થાય.

બીછાનેથી ઉઠયા પછીની નીરંગ લેવાની બાજ પઢવી, પીશાબ પાણી કરતી વખત બાજ પઢવી, બીછાને જતી વખત તથા બીછાનું

છોડતી વખત નમસ્કાર કરવા, ઘર છોડી કામેકાજે જતી વખત "યથા"નાં કલામો યાદ કરવા, એ બધી જંજાળો શામાટે કરવી જોઇએ એ સવાલ ઘણાંકો પુછતા હોવા જોઈએ. પણ આ ભયંકાર વખતમાં "દાદાર અહુરમજદ"નું નામ કેવું દરેક મહોંપર રમી રહયું છે એટલે "સુખે સોની અને દુઃખે રામ"ની કહેવત કેવી ખરી પડે છે?

જુદદીનના હાથમાંથી લીધેલો તાજો મેવો, તરકારી, વગેરે ખોરાકની ચીજો ધોયા વગર અગાઉ આપણે વપરાસમાં લેતા ન હતા, કારણ કે તે તુરતનો પીશાબ કરી હાથ ધોયા વગર આવેલો હોવો જોઈએ એવું સમજવામાં આવતું હતું. હમણાં તે વિચાર તુચ્છકારી કાઢવામાં આવવા લાગ્યો હતો, પણ પાછી તેની ઉમદા ફીલસુફી આપણા લોક સમજવા લાગ્યા છે એ સંતોષકારક છે. દરનબાજ વગેરેની ક્રિયા માટે ખોરાકની જણસોને ચોખા પાણીથી ધોયા પછી ઉપ્યોગમાં લેવામાં આવે છે તેની મકસદ પણ એજ છે.

અહુરમજદનું નામ લેવો, તેનાપર ભરોસો રાખો, અને આ જીવ જેના ધણી આપણે પોતે નથી પણ તે સાહેબજ છે તેને સારૂ ચીંતા ન કરતાં તે માલેકપરજ ધ્યાન રાખો, "ભલીમાંથ્ર" ને યાદ કરો અને વહેમને દુર કરી "બુરીમાંથ્ર" તરફ તિરસકાર બતાવો, (જુવો પાનું ૨૬ મું તથા મેહેર યશ્ત) એવું દરેક દાનવનું વાજબી કહેવું છે.

"ભાઇ! કાલ કોણે જોઇ છે?"

આ વાકય ઘણાકોના મહોડામાંથી બહાર નિકળતો આપણે સાંભલ્યો હશે, પણ તે સેજ રમુજ માટે હશે તથા તે ગંભીરપણે બોલાયો ન હશે, પણ હાલ તેવો સમય આવ્યો છે કે જેમાં દરેક જણ ખરેખર તેમ સમજતો હોવો જોઈએ. હાલમાં જળવાતી સ્વચ્છતા તથા હાલમાં ચતી બંદગીઓ આ ભયની સાબેતીઓ પુરી પાડે છે.

"મરકી"! આ શબ્દ લોકોમાં એટલો તો ભયંકાર થઇ પડયો છે કે ઘણાક હિંમતવાન નરો તેથી ધ્રુજે છે. તે બીહીકને ઠપકો આપવા જેવી કહીશ નહીં, કારણ કે ઘણાંકો ઘણું કહે છે, છતાં મોત આગળ

આજેજ છે અને થોડાક એવા પણ બનાવો બન્યા છે કે જેમાં આ મરકી બાબેના ભયને જેઓ હસી કાઢતા હતા તેમાંના થોડાકો આ મરકીના પોતે ભોગ થઇ પડયા છે અને થોડાકોએ પોતાના વહાલાંઓને ખોયા છે.

પારસીઓને લાગેલી હબક.

પણ વીના કારણે પારસીઓમાં ઘણાજણ હબકના માર્યા મરી ગયાં છે એ વાત સર્વે કોઇ એક અવાજે કબુલ કરશે. એ બાબે ઘણાંકોથી સાંભળવામાં આવ્યું છે અને ઘણાંકોએ નજરે જોયું છે, એટલે આ બાબદ હાથ ધરવાની મેં માત્ર મારી એક ફરજ જોઇ છે, તો જો કે તેને પુરતો ઇનસાફ આપી શકીશ કે નહીં તે માટે હું શકમંદ હતો.

હાલમાં રજુ થતા આ મરકીને લગતા આંકડાઓ પરથી જણાય છે કે પહેલી નજરે જોતાં જરથોસ્તીઓમાં મરણનું પ્રમાણ સૌથી વધારે હતું પણ કહી શકાય કે એમાંનો ઘણો નહીં તો થોડો ભાગ કમોતે માર્યો ગયો છે, બાકી જરથોસ્તીઓમાં આ રોગ એટલી હદ સુધી પ્રવેશ થવાનું દેખાતું કારણ કંઇજ નથી.

[ખુલાસો—આ બાબદ "જામેજમશેદ" માં લખી મોકલી ત્યારે જાનેવારી મહીનો હતો, કે જે વેલા પારશીઓ ઉપર આફતનું વાદળ ઘેરાઇ રહયું હતું. પારશીઓ ઉપર તે સાહેબની મેહેર હોવીજ જોઇએ એવી હું ખાતર જમે રાખતો હતો અને તે ઉમેદ ઘણી હદ સુધી પુરી પડેલી જોઇ જરથોસ્તીઓને કેટલો હરખ પેદા થયો હશે તે વાંચનાર તુરત ચેટશે—જુવો પાનું ૩ જુ.]

બારથી પંદર વર્ષ જેવી નાજુક ઉમરનાં ઘણાક જીવડાઓ ટપોટપ ઉડી ગયા છે જેઓ ધાસ્તીના માર્યા મરી ગયા હોય એ બનવા જોગ છે, કારણ કે આ ઉમરમાં તેઓનું દીલ સખ્ત હોતું નથી. તાવ અને નબળાઇમાં ધાસ્તીનો ઉમેરો થવાથી હરદય પોતાનું કામ કરતું અટકે તેનો ઘણો સંભવ રહે છે. મોતની વાત ઘરમાં કરવી જોઇતી ન હતી, ખાલી ગભરાટ કરવો જોઇતો ન હતો.

ખરી મરદાન્ગી.

જો ઈંગ્રેજોની ખરી નકલ આપણને કરવી ઘટતી હોય, તો ધાસ્તી છતાં છેક છેવટ સુધી હિંમતને વળગી રહેવું ઘટે છે, જેમકે વીસપરદના ૭ માં કરદા પ્રમાણે

"તેજ (ખરી) મરદાન્ગી છે કે જે આદમીઓને છાજતી, નર પેહેવાનોને છાજતી, સેતાબનાં કરતાં વધારે સેતાબ, અને જોરાવરનાં કરતાં વધારે જોરાવર છે, કે જે તેજ ભાગ્યશાળીને મળે છે, કે જે આદમીઓનાં ગીરફ્તાર થયલાં બદનોને છુટકો આપે છે (યાને સંકટો ટાળે છે).

આદમજાતને છાજતી ખરેખર હિંમતજ છે અને તે નર પેહલવાન (મરદ બચા)ને છાજતી છે. થોડીક સ્ત્રીઓ કેવી પેહેલવાનગીરી કરે છે તેનો નમુનો પાને ૨૭ માં જણાવી ચુકયો છું.

દરેક જરથોસ્તી અહુરમજદનો સીપાહ છે એટલે એક સીપાહબચા-ની માફક અહુરમજદની બોંયધરી હેઠળ નાપાકી સામે તેણે લડવું જોઇયે છે. તેનો ઝુંડો તે હુમત હુખ્ત હુવર્શ્તનો છે, તેનું લઢવાનું હથિયાર તે "માંથ"ના અસરકારક કલામો (અને નહીં કે ઢાલ તલવાર) છે. પેટના ખોરાક કરતાં મનના ખોરાક ઉપર તેને વિશેષ ધ્યાન આપવું ઘટે છે અને ફુરસદની વખતે તથા આફતની વખતે તે સાહેબની યાદમાં સર નમાવી પાક મોરાદ માટે જે ભણુતરો તેને લાયક હોય તે પઢી તો સાહેબની ઇબાદત કરવી ઘટે છે.

સૌ સારૂં જેનું સેવટ સારૂં.

આ પ્રમાણે ભણુતરો ચાલુ રાખ્યાથી, ગુનાહો માટે પસ્તાવો કરી તેઓથી દુર રહેવાથી, તનની પવિત્રાઇ જાળવવાથી, મનની પવિત્રાઇ રાખી ચાલુ એબાદત કર્યાથી, હેરેમની દોરથી ન ધ્રુજતાં માત્ર તે કિરતારપરજ ભરસો રાખ્યાથી હરેક આફત દુર થાય છે, એવું ઇમાન હદયે ધરવું જોઇએ; અને તેનો બદલો આ દુનિયામાં તેમજ પેલી દુનિયામાં મળશેજ. તેથી ઉલટું હિંમત છોડવાથી, વહેમ રાખવાથી, હેરેમની

દોરથી ગભરાવાથી, ગોયા અહુરમજ઼્દને ધિક્કારવા બરાબર છે; અને તેથી છુટકો નથી અહીં થવાનો કે નથી ત્યાં થવાનો. મરવું તો સર્વેને છેજ, આફ્ત તો સર્વેના માંથાપર લટકેલી છેજ, એટલે જ્યાં આપણો ઇલાજ નહીં, ત્યાં જેમ બ્રાન્ડી પાણી લઇ તમે તમારી હિંમત ટકવી રાખો છો, તેમ આફ્તની વખતે ધ્યાન ભરેલી ખરી ઉલટની બંદગીથી તમારાં મનને રોકેલું રાખો, અને તેની ધુંઇમાં પડી પછી જુવો કે કોઇ ગેબી અવાજ઼ તમને હિંમત આપે છે કે નહીં કે

"ધીરજ રાખો".

તનને લગતી પવિત્રાઇ.

ખુલાસો.

"મરકી વિષે અવસ્તા" ના મથાળા હેઠળ "જામેજમશેદ" ના જાન્યુઆરી તથા ફેબ્રુઆરીનાં અંકોમાં કેટલુંક વિવેચન મેં કર્યું હતું તેમાં "પવિત્રાઈ" માટે શરૂઆતમાં એવો મેં ઈસારો કર્યો હતો કે "પવિત્રાઈ કેમ જાળવવી તે એક વેગળી બાબદ છે, એટલે એ બાબે વિગતવાર જણાવવા માટે હાલ જગ્યા તેમજ વખત નથી". "પવિત્રાઈ કેમ જાળવવી" એ એક અગત્યનો સવાલ છે એટલે તે બાબદને પડતી નાખી મારે બેસી રહેવું ન જોઈએ એવી મને સલાહ મળી હતી, જેથી બે સુખનો તે માટેના કહેલા નકામા થઈ પડશે નહીં એવું જાણી **પવિત્રાઇ**નો એક જુદો વિષય બનાવી એજ રોજીંદા પત્રમાં મેં છપાવ્યો હતો (જુઓ "જામે" ના તા૦ ૧૭ મી તથા ૧૮ મી ફેબ્રુઆરીના અંકો). એ બાબદ ઘણાઓને પસંદ પડવાથી જરથોસ્તી કોમ આગળ રજુ કરવાને મેં દુરસ્ત ધાર્યું છે.

પાલનજી ખરશેદજી મીસ્ત્રી.

તનને લગતી પવિત્રાઇ.

"અશોઈ માણુસને માટે જન્મથીજ ઘણી સારી છે. તે કે જે માજદયસ્ની દીન છે તે અશોઈજ છે. કોઈ પણ શખસ સારા વિચારો, સારા સુખનો, તથા સારાં કામોથી પોતાની જીંદગીને પવિત્ર કરી શકે છે"—યજશ્ને હા૦ ૫ મો.

ઇનસાન કોણને કહે ?

આદમી જો હેવાનના કરતાં ચઢીયાતું કહેવાતું હોય તો તે તેને પરવરદેગારે બક્ષેલી અકકળ અને તે અકકળની મારફતે નીતિને લગતા ચોકસ ફાયદા કાનુનો જો તે તપાસતો હોય તો તેને લીધે છે. "પવિત્રાઇ" ના પણ ચોકસ કાયદા કાનુનો જરથોસ્તી દીનમાં જણાવવામાં આવ્યા છે, જે, જો પુર સાવચેતીથી જાળવવામાં આવ્યા હોય તો, તેઓ આ દુનિયા માટે તેમજ પેલી દુનિયા માટે ફાયદાકારક છે, તેમજ તન અને મન બન્ને માટે ફાયદાકારક છે.

તનની અને મનની પવિત્રાઇ.

"પવિત્રાઇ" ના બે મુખ્ય વર્ગો કરવામાં આવ્યા છે, એક "તનને લગતી પવિત્રાઇ" બીજી "મનને લગતી પવિત્રાઇ". તનને લગતી પવિત્રાઇ માટે આપણા બદનની પવિત્રાઇ માટે સમજી સંતોષ પામવો ન જોઇએ, પણ હરએક ચીજની સ્વચ્છતા માટે સમજવું જોઇએ, જ્યારે મનને લગતી પવિત્રાઇ માટે પણ જેમ એક ગમથી "નેક મનશ્નની" તેમ બીજી ગમથી "આત્માને લગતી અશોઇ" માટે સમજવું જોઇએ છે; એટલે ઈંગ્રેજી પ્રમાણે Material અને Spiritual એવી રીતે સમજવું વધારે અનુકુળ થઇ પડશે. મનને લગતી પવિત્રાઇ માત્ર મનથી દેખાતી નથી, પણ ઇનસાન પોતાના વહેવારમાં જે સારી વળણુ લેછે તે પરથી પણ જોઇ શકાય છે. તનને લગતી પાવત્રાઇ છુપી રહેતી નથી. પણ આ એક જાણીતી બીના છે કે મનની પવિત્રાઇ મેળવવી હોય તો તનની પવિત્રાઈ જાળવવી જોઇએ છે, એટલા માટે "તનને લગતી પવિત્રાઇ" વિષેની બાબદ મેં હાથ ધરી છે. હાલમાં લાગુ પડેલી મરકીના બારીક હંગામમાં સુઘડતા જાળવવાની અતિશય જરૂરી—

યાત હોવાને લીધે "તનને લગતી પવિત્રાઇ" વિષે વિવેચન કરવાની લાલચનું મને આ એક દેખીતું કારણ મળ્યું છે, એટલે પવિત્રાઇ વિષેનું લાંબુ ભાષણ અત્રે કરવાનું મેં મોકુફ રાખ્યું છે.

તનદરોસ્તી માટે પેહેલી સુઘડતા બદનની.

આ દુનિયામાં જીવવું, ખાવું, પીવું, વગેરે, એ સઘળું નિયમીત હોય અને એ સઘળાનો પાયો જો પવિત્રાઇના તત્વો ઉપર રાખવામાં આવ્યો હોય તો તે જાળવનારને દરેક રીતનો ફાયદો છે.

પ્રથમમાં બદનને સાફ રાખ્યાથી માંદગીનું જોર કમ હોય છે તથા દુર થાય છે; તેમજ અપવિત્રાઇ, નજીષાટ, તથા બદબોથી બદન મોકળું રહે છે, તથા નાપાકી, નસો કે રીમની તેનાપર ગલબો કરતી નથી (વંદીદાદ, પરગરદ ૫) મી).

બનતાં સુધી નાપાકીના દોરથી દુર રહેવું, એવી તાકીદ વંદીદાદની એજ પરગરદ કરે છે. આ પાઠ જો બચગીથીજ શીખવવામાં આવ્યો હોય તો ઉમરમાં આવતાં ઘણું શીખવું પડતું નથી, કારણ કે "પવિત્રાઇ માણસને માટે જન્મથીજ ઘણી સારી છે" એવું યજશ્નેના ૫) માં હામાં જણાવવામાં આવ્યું છે (જુઓ આ વિષયની શરૂઆતમાં ટાંકેલો ફકરો).

વળી જેમ ઇંગ્રેજી કહેવત છે કે Cleanliness is next to Godliness તેમ "અહુરમજદના રસ્તાને પુગવાનો માર્ગ તે પવિતાઈ છે".

તનની પવિત્રાઇ કેમ જળવાય ?

બદનને સ્વચ્છ રાખવા માટે જરથોસ્તીઓ ત્રણ રીતો વાપરે છેઃ-

૧ હાથ, પગ, મહોંડું ધોઇ (પાદીઆવ) કુસ્તી કરવી.

૨ અંગોળ કરવું.

૩ નહાંન નાહાવું.

જેમ જેવી અપવિત્રાઈ તેમ તેવી રીત. શા શા કારણો માટે ઉપલી રીતોમાંની કોઇ પણ એક રીત લાગુ પાડવી જોઇએ તે માટે લાંબું પીજન કરવા હું ચાહતો નથી, કારણ કે દરેક જરથોસ્તી તે સારી રીતે જાણે છે; એટલે આ બારીક મામલાની વખતે કયા કયા કારણો માટે તે લાગુ પાડવી જોઇએ તેટલુંજ જણાવવું ઠીક થઇ પડશે.

એ પવિત્રાઈથી જળવાતી તનદરોસ્તી.

બીછાનેથી ઉઠયા બરોબર, નીરંગ લીધા વગર, પાદીઆવ કુસ્તી કર્યા વગર, મ્હોડું સાફ કર્યા વગર, કંઇ પણ કામ હાથમાં ધરવું ન જોઇએ કે કંઈ પણ ચીજ મહોંમાં મુકવી ન જોઇએ. કેટલાક પારસી જાંગલાઓ તેના કારણો સમજ્યાં છતાં લાડ કરવા શિખ્યા છે, એટલે આ એક ચેતવણી તરીકે કહી શકાય છે, નહીં તો આ એક બોધ નહીં પણ બચ્ચાંને પણ જાણીતી બીના લેખી શકાય. પરસેવો, થુક, વગેરે નજીષાટ જે ઉંઘમાં બદનને લાગુ પડયાં હોય, તેઓથી આવી વખતે તો ખાસ સાવચેત રહેવું જોઇએ.

એ ગફ્લતીથી ખોહવાતી સોનેરી તક.

આ સાવચેતી સાથે કુસ્તીને લગતા કલામો પઢવાનો તેમાં ઉમેરો થવાથી જીવને માટે ઓર બેહેતર છે. પીશાબ પાણી કર્યા પછી પણ તેમ થવું જોઇએ, અને થોડોક વખત સુધી ખમીસને પાટલુનમાં ખોસવાની તસદી ન લેવી જોઇએ, કારણ કે આ નાહકથી પીડાને લીધે પાદીઆવ કુસ્તી કરવામાં આળસ થાય છે. આ ગફ્લતીને લીધે દિવસમાં બે ત્રણ વાર અહુરમજદને યાદ કરવાની, ગુનાહ માટે તોજેશ કરવાની, અને તનદરોસ્તી માટે દુવા ચાહવાની એક સુંદર તક તેઓ ખોય છે.

બાજ પઢવાથી જળવાતી પહરેજી.

પીશાબપાણી કરતી વેળા બાજ ભણવાથી ઓર બેહેતર એટલા માટે છે કે તેથી નાપાકીનો દોર થતો અટકે છે. ઉંઘમાં થતી ગફ્લતી માટે પણ એજ રીત વાપરવી જરૂરની છે, ઉપરાંત નીરંગનો ઉપ્યોગ કરવો જોઇએ છે. ગો મુત્રમાં કેટલાક ખાર એવા છે કે જેઓ ચીકાસ

(albumen) તથા જીવજંતુઓનો નાશ કરવાને પુરતા છે. આ વખતે અંઘોળ કરવાની ભલામણ કરવામાં આવે છે તેનું કારણ એ છે કે અંઘોળ કર્યાથી બદનમાં પુરતી ગરમી આવે છે. ત્યાર પછીજ પાણી પીધામાં લેવું, નહીં તો કેટલાંક દરદો લાગુ પડવાનો સંભવ રહે છે. કોઇ કારણે અપવિત્રાઇ કે નજીસાટ બદનને લાગુ પડયાથી જીવને ઘણી સુગ લાગે તો નાહાન નાહાવાથી એક ચમત્કારીક અસર થશે.

કુસ્તીની ક્રિયાનો ભેદ.

આ ત્રણે રીતો વાપરતી વખતે કુસ્તીની ક્રિયા તો છેજ. તેના ભણતરમાં દેવદરૂજો ઉપર કેવો ધીટકાર નાખવામાં આવે છે, અહુરમજદની કેવી યાદ થાય છે, પાપનો કેવો પસ્તાવો થાય છે અને એક સાચા જરથોસ્તી તરીકેની કેવી કબુલાત અપાય છે તેની ખુબીની પીછાન ત્યારેજ થશે કે જ્યારે તેની મતલબ તરજુમા ઉપરથી સમજી શકાય. વિદ્યાભ્યાસમાં પ્રવિણ થયલાઓ જો ચાહે તો થોડા વખતમાં તેમ કરી શકે. એનું અજ્ઞાનપણું કેવળ શરમ ભરેલું છે અને "શીખેલા"ના નામને ન છાજતું છે. કેવું અજાયબ જેવું છે કે પોતાના અજ્ઞાનપણાં ઉપર અજાણપણે કુસ્તી કરતી વેળા તેઓ પોતેજ ધીટકાર નાંખે છે તેનું ભાન તેઓને નથી.

તનદરોસ્તી માટેની બીજી સુઘડતા

લુગડાંને લગતી છે. બદન સાફ હોય અને લુગડાં સાફ ન હોય તો જેનું તેજ છે. બદનની ચામડીને અડોઅડ લાગે તેવાં લુગડાં એટલે અંદરના પહેરણો રૂના પહેરવાં સારાં છે. તેઓને રોજ બદળવાં જોઇએ અથવા તો વીછેરીને તાપમાં સુકવ્યા પછી પહેરવાં જોઈએ છે. ઉનના કે રેશમી કપડાંને જો અપવિત્રાઇ લાગુ પડે તો વખતે વખત તેઓને ધોવાનું પાલવે નહીં જેથી બહાર જવા આવવા માટે સંભાળથી બહારના પહેરણ દાખલ વાપરી શકાય. પહેલવી કેતાબ મીનોખેરદમાં ફરમાવ્યું છે કે ":રેશમી કાપડ માત્ર દેખાવ માટે સુંદર છે, પણ રૂનું કાપડ રવાનને માટે સારૂં છે, કારણ કે રેશમ કીડાઓમાંથી નિકળે છે, જ્યારે રૂનું પોષણ

પાણીથી અને વંખવું જમીનમાંથી થાય છે; જે સબબને લીધે રનું કપડું રવાનને માટે સરસ તેમજ ઉપયોગી અને કિંમતી છે". પાણી અને જમીન બન્ને પાક છે તે માટે હું મારી આગળી બાબદમાં કહી ચુકયોછું. ઉપલા ફકરામાં "રવાનને" "મુડદું" સમજવું નહી.

જો આપણે કોઇ અપવિત્ર શખસને અડકયા હોઇએ જેવા કે ઢેડ, ચમાર, કચરાપટી, હજામ, વગેરે, તો બન્ને બદન તથા લુગડાંને ધોવાં જોઇએ છે; અને એઓ પણ ખોદાનાં બનાવેલાં છે એમ સમજી ગફલતીમાં રહેવું ન જોઇએ, કારણ કે તેઓ નજીષ્ટાઇને અડકી ચુકેલા છે.

તનદરોસ્તી માટેની ત્રીજી સુઘડતા

જગ્યા યા મકાનને લગતી છે. આપણું બદન તેમજ આપણાં લુગડાં સાફ હોય, છતાં અપવિત્ર જગ્યાએ ફરહર કરતાં હોઇએ યા આપણાં મકાનમાં ઢેડ, ચમાર, કચરાપટી, હજામ, વગેરેનું છુટથી ફરવું હરવું હોય તો તે જેવું તેજ છે. જે મકાનમાં આપણે રહેતા હોઇએ તે તદન સાફ રાખવું જોઇએ છે તથા નજીષ્ટ માણસોને તેમાં દાખલ કરવા ન જોઈએ.

આતશની પ્રગતી નિકળેળી ખુબી.

આપણાં મકાન માહેલા આતશ તથા પાણીને નજીષ્ટાઇથી સંભાળવાં જોઇએ (વંદીદાદ, પરગરદો ૩, ૬, ૭). "ખુશાળ જમીનોમાંની બીજી ખુશાળ જમીન તે છે કે જેના ઉપર પવિત્ર શખસ પોતાના બચ્ચાં છોકરાં, સારા ચાકર નફર, તથા ગાય ઢોર સાથ સંસારી જીંદગી ગુજારતો હોય તથા પોતાનાં મકાનમાં આતશ રોશન રાખતો હોય" (પરગરદ ૩, ફ૦ ૨). બધી અગત્યની ચીજોમાં આપણા મકાનમાં આતશની તો જરૂર છેજ (એજ પરગ૦ ફ૦ ૩). એ વગર મકાન શોભે નહીં, એ વગર મકાન પાક ગણાય નહીં. હાલના હંગામમાં કહો કે કયા મકાનમાં આતશ રોશન નથી? આજે આતશ વગર એકબી દીવાનખાનું કે એકબી ખુણું ખાલી નથી. જ્યાં જુવો ત્યાં ધુમાડાં પર ધુમાડાં અને બલતાં પર બલતાં. એ સૌ નાચારીના માર્યા કરવું પડે છે. આજે

તેની ખુબી તેની પોતાની રોશની મીસાલ પ્રકાશી રહી છે આતશની હાજરીની જરૂરીયાતનું કારણ અપવિત્રાઇ દુર કરવા માટેનું છે એમ લોક સમજવા લાગ્યા છે. આ દેખીતા આતશ ઉપરાંત સરવે જણાઓએ બાતેનનો આતશ રોશન રાખવો ઘટે છે.

જમીન તરફની આપણી વફાદારી.

જો અપવિત્રાઇ લાગુ ન પડી હોય તો જગ્યા પોતે પાક છે, જેમ કે અવસ્તા ભણનાર પઢે છે કે "ભલી સ્પન્દારમત (જમીન) ને અમો વખાણીએ છીએ કે જે ભલી બક્ષેસો આપનાર મોટી નજરવાળી, અહુરમજદની પેદા કીધેલી, પવિત્ર છે."

આ મકાન જેમાં આપણે રહીયે છીએ તે સદાનું આપણું નથી. તેના માત્ર આપણે પરોણા છીએ તેટલાં માટે જે મેહેમાને આપણને આસરો આપ્યો છે તેને આપણે શા માટે બેવફા થવું જોઇએ ? જે મકાન આપણને સારી રીતે રાખે તેની તરફ બીનદરકાર આપણે શા માટે રહેવું જોઇએ ?

તનદરોસ્તી માટેની ચોથી સુઘડતા

ખાના પીનાંને લગતી છે. આ બાબદમાં સહેજ વધુ ચોકસાઇની જરૂર છે. એમાં પારસીઓ હાલમાં બેપરવાઇ રાખવા શિખ્યા છે અને એ બાબે જે સુગ તથા ચોકસાઇ આપણા વડવાઓ ધરાવતા હતા તે હાલમાં આપણામાં કમી જોવામાં આવે છે; જેથી જો મામલો એમનો એમ ચાલુ રહ્યો તો આપણને "ફુવડ" ના વર્ગમાં આવવાને વખત લાગશે નહીં.

અગાઉ પારસીઓ બીજી કોમના શખસો ભેગા ખાણું લેતા નહતા તથા જુદદીનના હાથથી પકાવેલું ભોજન જમતા નહતા. હાલમાં તે સઘળું બાજુએ મેળાતું જાએ છે અને તેમા જવાન સાથ ઘરડાઓનો પણ ઉમેરો થતો ચાલ્યો છે. જરથોસ્તી દીનના તરીકાથી એ ઉલટું છે અને તેનો ભેદ માત્ર સુઘડતા જાળવાનો છે, કારણ કે તેના કાયદાઓ પ્રમાણે જળવાતી રીત તથા ખાણું પકાવવાની રીત બીજાઓ કરતાં ચઢીઆતીછે.

જરથોસ્તી દીનના કાયદા મુજબ મહોંડામાં જે ચીજ ગઇ એટલે તે અપવિત્ર થઇ. થુક, જ્યાંસુધી મહોંડામાં હોય, ત્યાંસુધી વાસ મારતી નથી, તે બહાર આવી એટલે ગંધ મારે છે. અને એજ પ્રમાણે આંગળાં કે કાંટો મહોંડામાંથી બહાર આવ્યાં કે તેઓ વાસ મારે છે, કારણ કે તેઓ થુકપરથી પસાર થઇને બહાર આવ્યાં છે. પોતાનીજ પલેટમાં જમનારની થુક એ રીતે દર લુકમાએ ખાના સાથે આમેજ થતી જમનારને એટલી હદ સુધી નુકસાન કરતી નથી, કે જેટલી હદ સુધી બીજાની પલેટમાંથી એ પ્રમાણે અજીઠીને ખાવાથી કરે છે.

હોટેલોમાં પારસી જાંગલાઓ.

દરેક શખસના મહોંના બાફમાં ફેર હોય છે, એટલે તેમાં બીજી દીનવાળા શખસોનાં મહોંડાના બાફથી તો ખુબ સંભાળવું જોઇએ છે. ધારો કે ખાણાની મેજપરની ડીશમાં દરેક જમનાર અવારનવાર છરી કાંટા બોળી પોતાની પલેટમાં મુકે, તો તે અજીઠી પલેટનો બાફ ડીશમાં પુગવાનો સંભવ છે કે નહીં? અજીઠી પલેટ વળી નોકર ઉંચકી બીજી મુકે, કે તેજ હાથથી બીજાને આપે, તો એમાં ચોખ્ખાઇ કયાં રહી? શું તે નોકર દરેક પલેટ ઉંચકતી વખતે હાથ ધોય છે? વળી પલેટ ધોવાની ગરમપાણીની બાલ્દીમાં તે સઘલી બોળી કઢાય છે અને એકજ ટુવાલથી તેઓ લુંછાય છે એમાં સુઘડતા ક્યાં રહી? દરેકના મહોંના બાફથી આમેજ થયલું એ પાણી કેવું સ્વચ્છ હોવું જોઇએ? અને ટુવાલ પણ કેવો સાફ હોવો જોઇએ? ખાણાં પીનાં માટેની જાહેર જગ્યાઓના છરી કાંટાઓ હજારોના મહોંથી પસાર થયા હશે અને જે હથિયારોથી લાલીયાઓએ ખાધું હશે તેજ હથિયારોથી પારસીઓએ પણ ખાધું હશે.

વધુ ચોકસાઈ.

જુદદીનના હાથથી પકાવેલાં ખાણાં માટે મને ઘણું કહેવું તાહેલાં સમાન થઇ પડશે, એટલે માત્ર એટલુંજ જણાવવું બસ છે કે તુરતનો પીશાબ કરી આવેલો કે તુરતની બીડી પી આવેલો નોકર તેજ અજીઠ હાથથી કડછી કે ચમચ ફેરવવાને ચુકશે નહીં.

ખાવાની વસ્તુઓ જુદદીનના હાથથી લીધેલી ધોવી જોઇએ છે, તે પણ ઉપર જણાવેલા અપવાદને ખાતરજ. મરકી લાગુ પડ્યા પછીજ હાલના સુધરેલા પારસીઓ એવા કે તરકારી ખાતા અચકે છે અને જો ઉપયોગમાં લેછે તો ધોયા પછી લેછે તેનું કારણ શુ? એને લગતી ભુલથી હવે તેઓ ચોંકે છે કેમ?

સૌ સારૂં જેનુ સેવટ સારૂં.

આવી બારીકીઓ જે અસલવારેથી જરથોસ્તીઓ જાળવતા આવ્યા છે તે જો તેઓ ચાલુ રાખશે તો ઘણે દરજ્જે મરકીના જેવી આફતોથી તેઓ દુર રહી શકશે, તેમાં નવાઇ જેવું કંઇ નથી.

હું આગળ એવી મતલબનું જણાવી ચુકયો છું કે આ મરકીમાં પારસીઓમાં મરણનું પ્રમાણ પેહેલી નજરે સઉથી વધુ દેખાતું હતું (તે વખતે પારસીઓમાં મરણો વિશેષ હતાં), પણ જો તેઓ **સુઘડતા** માં ચોક્સ રેહેશે તથા **પેદા કરનાર તે સાહેબપર** એતબાર રાખશે તો તેનું સારૂ પરિણામ તેઓ જોશે. હાલમાં તેઓ જાણી સંતોષ પામશે કે દીનપર દીન તે પ્રમાણ કમતી થતું જાય છે. પારસી કોમમાંથી મરકી સદાની નાબુદ થાય એવી દુવા ચાહી આ બાબદને બંધ કરૂં છું.

. સમાપ્ત.

પાણી, જમીન અને ઝાડપાનો

વિષેના એજ લખનારના ઇનામના રેસાલા માટે વર્તમાનપત્રોએ તથા માસિક ચોપાન્યાઓએ કીધેલા ટીકા.

અખબારે સોદાગર, તા૦ ૬ ઠી મે ૧૮૯૬.—એ રેસાલો લખીને ઈનામ મેલવનાર મી૦ પાલનજી ખરશેદજી મીસ્ત્રી નામે એક ચંચળ જવાન છે.—એક પછી એક તરણ વરસોવરસ હરીફાઈ છતા સરસ રેસાલા લખી ઈનામો મેળવવાથી એવણની ચંચળાઈ ઘણીજ સરસ રીતે પરગટી નીકલે છે.—આ રસાલો જેમ એક અભયાસીને તેમજ એક સાધારણ વાંચનારને પણ ઉપયોગી થઈ પડશે, એવું અમો ધારીએ છીએ.—જેટલી હદ સુધી એક મદરેસાનો શીખતો વીદયારથી પોતાનું જ્ઞાન દેખાડવાને શકતીવાન થઈ શકે તેનાં કરતાં ઘણી સારી રીતે એવણે તે વાંચનારી આલમ સનમુખ રજુ કરયો છે. એવણની એબારત ઘણી સરલ તથા સમજ પડી શકે એવી સેહેલ છે. કેટલીક જગયાએ એવણે જે પોતાના વીચારો જણાવ્યા છે તે તેમની કાબેલીઅતનો સારો છાપ બેસાડે એવા છે, પણ તેમાના કેટલાંક સાથ હમો ઘણી દલગીરીસાથ એકમત થઈ શકતા નથી, આ રેસાલો જો કે સામટી રીતે શરશ છે પણ ઘણી દલગીરી સાથ અમોને અમારી ફરજ બજાવતા જણાવવું પડે છે કે એમાં અંગરેજીમાં જેને Scientific accuracy કહે છે તે ઘણીએક જગયાએ જોવામાં આવતી નથી.—સામટી રીતે જોતાં એમની કોશેશ ઘણી ફતેહમંદ અને તારીફ લાયક છે અને એમનું નાનું પુસ્તક એટલીબધી અગત્યની બાબતનો સમાવેશ કરે છે કે દરેક જરતોશ્તી કુટુંબને ભલામણ કરીયે છીયે કે એ પુસતકને તેઓ વાંચવાને ભુલશે નહીં.

ફુરસદ, જુલાઈ ૧૮૯૬, (ટીકાકાર--R. B. M.)—એઓએ (કર્તાએ) આગળ પણ એક કિંમતી રસાલો "અથોરનાન, પેહેલવાન, ખેડુત અને કારીગર"ની બાબતપર લખ્યો હતો, જેની ફતેહની નોંધ આ કટારોમાં લેવાઈ ચુકી છે, એટલા માટે મી૦ મીસ્ત્રીના આ એક બીજા રેસાલાની નોંધ લેતાં અમને વધતી ખુશાલી ઉપજે છે. સર જમશેદજી તથા મુલ્લાં ફીરોજ મદરેસાના આગલા ચેલાઓપર અદેખા અને અભણ લખનારાઓ વારંવાર તહોમત મુકે છે કે મદરેસામાં તેઓ માત્ર સ્કાલરશીપ લેવાજ આવે છે, અને મદરેસાનો નેમેલો અભ્યાસ પુરો થતાં તેઓ જંદ અને પહેલવી ભાષાની વધુ ખીલવણી કરવા તથા પોતાના ધર્મપર વધુ અને વધુ અજવાળું નાંખવાને કંઈ શ્રમ લેતા નથી, તેવાઓને મી૦ મીસ્ત્રી અને બીજા ચંચળ અભ્યાસીઓ સારી

રીતે ખોટા પાડે છે, અને એમણે બજાવેલી એ ફરજને લીધે એમનો રેસાલો અમને વધુ આવકારદાયક ભાસે છે. હવે ખુદ રેસાલા વિશે બોલતાં એટલુંજ કહેવું બસ છે કે તે પુરતી સંભાલ અને ઘણા અભ્યાસથી લખાયો છે. ચાલુ અભ્યાસનું તે એક દેખીતું ફલ છે.—મી૦ મીસ્રી જેવાના રેસાલાઓને જાહેરમાં પારસી તરફથી સારૂં ઉતેજન મલવું જોઈએ.—"**ફુરસદ**"નાં શોકીન જરથોસ્તી વાંચનારાઓને આ રેસાલાની અકેક નકલ મંગાવી રાખવાની અને તે અભ્યાસથી વાંચવાની ભલામણ કરવાને અમો ખુશી છીએ.

સત્ય મિત્ર, તા૦ ૧૨ મી જુલાઈ ૧૮૯૬.—સારા ભાગ્યે મી૦ પાલનજી મીસ્રી ભાષાના (જંદ–પેહેલવીના) અભ્યાસ ઉપર અટકયા નથી, પણ ધર્મ સંબંધી સાહીત્યનો પોતાનો અભ્યાસ બહોલો કરવાની કોશેશ કીધી છે, એમ એવણના (પેહેલા) રેસાલા ઉપરથી માલમ પડે છે.—પહેલાં કરતાં આ પાછલા (બીજા રેસાલા) માટે મી૦ મીસ્રીને બહુ મેહનત લેવી પડી હોય એમ દીસે છે, એટલુંજ નહીં પણ પાછલામાં આવેલી જુદી જુદી બીનાઓ બહુ વીગતવાર રીતે સમજાવવાને મી૦ મીસ્રીએ કસુર કીધી નથી. મદરેસા તરફના ધર્માભ્યાસીઓને તેઓના અભ્યાસ દરમ્યાન ઉતેજન આપવા માટે ઉપલાં બને રેસાલાઓ ખરીદ કરવાની અમો દીનદાર જરથોસ્તીઓને ભલામણ કરીશું.

માસિક મજાહ, ઓગસ્ટ ૧૮૯૬ (પરિક્ષક મી૦ દા૦ એ૦ તારાપોરવાળા).—તેવણે (કર્તાએ) આ નિબંધ રચીને દેખાડી આપ્યું છે કે જરથોસ્તી ધર્મને લગતાં જ્ઞાનવાળા એ મદરેસાએ (સર જ. જી. જ. મદરેસાએ) કેવા કાબેલ વિદ્યાર્થીઓ બાહેર પાડયા છે.—આ બીજો ઈનામનો રેસાલો અવસ્તા ભાષાનું એમનું સંગીન જ્ઞાન દેખાડે છે.—મી૦ મીસ્રીને ખરેખર ઘણી ઝેહમત પડી હશે, જે એ ચોપડી બારીકીથી તપાસતાં ઝટ જણાઈ આવે છે. એવા મેહેનતુ, ઉમંગી અને અભ્યાસી લખનારાઓની જાહેરમાં પિછાણ થવી ઘટે છે. નામદાર સર જ૦ જી૦ ટ્રાન્સલેશન ફંડના કારોબારી સાહેબોએ એ નિબંધ છપાવવા માટે કર્તાને આપેલી મદદ એ ખાતાંને ખચિત શોભા આપનારી છે. દરેક ધરમચુશ્ત જરથોસ્તીએ આ નિબંધની અકેક નકલ પોતા પાસે રાખવી જોઇએ એવો મારો સ્વતંત્ર મત છે.

ગુજરાત મિત્ર, તા૦ ૧૬ મી આગષ્ટ ૧૮૯૬.—ઉપલા નામનો નામદાર સર જ૦ જી૦ ટ્રાન્સલેશન ફંડની મદદથી છપાયલો રસાલો એક નાકેથી બીજે નાકે સુધી વાંચી જોતાં તે ઘણી રસીલી બાબતોથી અને અવસ્તા તથા પેહે-

લવી લખાણોના આધારોથી ભરપુર જણાય છે.—(સર જ૦ જી૦) મદ્દરેસામાં ધર્મ શિક્ષણ જે અપાતું હોવું જોઇએ તેનો આ એક નમુનો છે. આવા રસાલા હાલ કરતાં વધારે લખાવાની અને જરથોસ્તીઓમાં વેચાવાની જરૂર દીનપરદીન વધારેને વધારે જણાય છે. મી૦ મીસ્ત્રીએ અવસ્તાના જે ફકરાઓ ઉતારીને પોતાના હાથ ધરેલી બાબતોને જે ઇનશાફ આપ્યો છે તે એમનું અવસ્તાનું અચ્છું જ્ઞાન બતાવે છે.—પારસીઓનું વંદીદાદ (વિ-દએવો-દાત) કંઈજ નહીં પણ મોટો ' Sanitation Code. '—સેનીટેશન કોડ છે. અને જો આજના જરથોસ્તીઓ તેમાં ફરમાવ્યા મુજબ વર્તતા હતે તો હાલ તેમનામાં જે મરણની રાસ આવે છે તેને ચોથે ભાગની રાસ પણ આવે નહીં.—જરથોસ્તી ધરમના લખાણોમાં સફાઈ સુઘડાઈ અને સ્વચ્છતાને જાબજા વખાણી છે અને તે મી૦ મીસ્ત્રીએ એ રસાલામાં અચ્છી રીતે બતાવી આપ્યું છે.—મી૦ મીસ્ત્રીએ નદી, સરોવર, દરીઆ વગેરેના જે જે નામો જરથોસ્તીઓના ધરમ પુસ્તકોમાંથી નીકળે છે તેમની સરખામણી હાલના ચાલુ નામો સાથે જે કરી છે તે રસીલી છે. જમીન સંબંધી પણ જે લખાણ એ રસાલામાં કીધું છે તે રસીલું છે. પેહેલે જમીનનો અર્થ સમજાવીને પછી તેની વખાણો ગાઈ તેનો સુર્ય સાથનો સંબંધ બતાવ્યો છે તે લખનારની કલમને જેબ દેનારો છે.—જમીનની અંદર નસો નાંખ્યો હોય તો તે નુકશાનકારક છે એટલુંજ નહીં પણ જમીંનની ઊપરબી નસો નાખ્યો હોય, તો તે પણ નુકશાનકારક છે ને તેમ હોવાથી મનુષ્ય જાતને તનદુરસ્તીમાં હાનીકર્તા છે એમ આ રસાલામાં ધર્મની શાહદતો ટાંકી અચ્છી રીતે બતાવી આપ્યું છે.—શેહેરો, પાહાડો વગેરેના અવસ્તાના નામોની હાલના નામો સાથે સરખામણી એ રસાલામાં મી૦ મીસ્ત્રીએ કરી છે તે પણ વાંચવા યોગ્ય છે.—ફરીથી એકવાર લખવાની અમારી ફરજ સમજીએ છીએ કે એ રેસાલો લખાવવામાં જેમ નામદાર સર જ૦ જીના ટ્રાન્સલેસન ફંડના કારોબારીઓને મુબારકબાદી ઘટે છે તેવીજ મુબરકબાદી મી૦ મીસ્ત્રીએ એ લખવામાં જે કાબેલીઅત તથા બાહોળું જ્ઞાન બતાવ્યું છે તે માટે તેમને પણ ઘટે છે. એવા રેસાલા જેમ વધારે લખાય ને જરથોસ્તીઓમાં તેનો ફેલાવો જેમ વધારે થાય તેમ વધારે ફાયદો થાય એવું અમારૂં મત છે.

જ્ઞાનવર્ધક, સપટેમબર ૧૮૯૬.—મી૦પાલનજી સર જ૦ જી૦ જ૦ મદરેસામાંથી પસાર થયલા એક વિદયારથી છે, અને ઉપલા રસાલામાં ઈનામ જીતી જવા ઉપરાંત આગલ પણ ૧૮૯૨ માં એક રસાલો લખી ઈનામ જીતી ગયા હતા. એ ઉપરાંત અમે એમને એક ખંતીલા અભ્યાસી તરીકે ઓળખીએ છીએ. ઉપલા રસાલાની લંબાણ તપાસ લઈ શકાય એમ હોવા છતાં અત્રે

હું ક્યાંજ કહીએ છીએ જે આ રસાલો મોહોટા અભ્યાસનું પરિણામ છે. મી૦ પાલનજીએ અવસ્તાની શાહદતો લીધી છે, તેમજ પ્રોફેસર ડારમસ્ટેટ અને મેક્સમુલર જેવા નામીચા વીદવાનોનાં પુસ્તકોનો અભ્યાસ કરેલો દીસે છે. આ રસાલો જરથોસ્તી ધર્મની બારીક ફીલસુફી ઘણી ખુલ્લી રીતે સમજાવે છે, તેમજ યુરોપિયન વિદવાનોએ જે શોધો પાછલથી કીધી તે અવસ્તાના જમાનામાં મોજુદ હતી, અને તે પારસીઓના પેગમ્બર અશો જરથોસ્ત સારીપેઠે સમજતા હતા, એમ ખુલ્લે ખુલ્લું પુરવાર કરે છે. આપણો ધર્મ ફીલસુફીથી ભરેલો છે એટલુંજ નહીં, પણ જરથોસ્તી ધર્મની ફીલસુફીને ભુગોળ વિદયા, ખુશાલ વિદયા, ખગોળ વિદયા અને ઝાડપાનની વિદયાને કેટલો બધો સંબંધ છે તે દેખાડી આપે છે. હાઈસ્કુલોમાં શીખવવામાં આવતી કેટલીક બાબદો આ રસાલામાં દીઠામાં આવે છે. અમે આ રસાલો ઘણાં ધ્યાનથી વાંચ્યો છે અને તે ઘણો ચંચલ જેહનથી લખેલો માલમ પડવાથી મી૦ પાલનજી મીસ્ત્રીને શાબાશી આપ્યા વિના અમને ચાલતું નથી.

બરૂચ સમાચાર, તા૦ ૧૦ મી સપટેમબર ૧૮૯૯.—તેમનો (કર્તાનો) આગલો રસાલો " અવસ્તા જમાનાના કદીમ ઈરાનીઓના ૪ વર્ગ " બેશક વધુ વખાણને પાત્ર ઠરયો હતો.—વિષય મજકુર (પાણી, જમીન અને ઝાડપાન) ની પેહેલી બાબત દાખલ પાણી, બીજી બાબત દાખલ જમીન અને ત્રીજી બાબત દાખલ ઝાડપાન, એમ ત્રણ વિભાગો છુટા પાડી જે વીગતો આપી છે તે સેહેલી, દરેકને સમજ પડયા જેવી અને એક નાના પુસ્તક આધારે પારસીઓમાં સંગ્રહ કરી રાખવા જેવી બાબતો ગણાશે. આટલા નાના કદમાં આટલી મોટી બાબતોના સમાસ કરવા માટે મી૦ મીસ્ત્રી જેવા એક જુવાન વિદ્યાર્થીને અમો મુબારકબાદી આપીશું અને સાથે સાથે એમ પણ જણાવીશું કે, આવા જંદ અભ્યાસીઓને બાહાર પાડવા માટે (સર) જ. જી. મદરેસાના શીક્ષક વર્ગને એ બનાવ શોભા પમાડે છે. આ મદરેસાએ પોતા માટે ધારણ કરેલાં ઉંચા મતમાં આ જાતના લખાણો કરવા જેવા વિદ્યાર્થીઓ બહાર પાડીને બેશક પારસી જંદ અભ્યાસીઓનો વધારો કરયો છે એમ કહેવું સહરાગતવાળું ગણાશે નહીં.

લક્ષ્મી, અકટોબર ૧૮૯૯.—**પાણી, જમીન અને ઝાડપાન** એ ત્રણ બાબદોપર એક ઘણોજ રસીલો રેસાલો તેના લખનાર મી૦ પાલનજી ખરશેદજી મીસ્ત્રી તરફથી મળ્યો છે. મી૦ મીસ્ત્રી જો એજ પ્રમાણે પોતાના અભીઆસનાં ફળો વાંચનારી આલમ આગળ ધરીઆ જશે તો જરથોસ્તી ટોલાની તેવણે સારી સેવા બજાવેલી કહેવાશે.

સુરત અખબાર, તા૦ ૫ મી અકટોબર ૧૮૯૬.—કરતાએ અવસ્તા અને બીજાં પુસ્તકોને આધારે સારી ખોલ કરેલી લાગે છે. અવસ્તા જમાનામાં દરિઆ તથા નદી કયી કયી હતી, તેના અસલના નામ સાથે હાલના નામો અને જમીન તથા પહાડ કયા કયા અવસ્તામાં જણાય છે, તેના હાલ નામ કયાં છે તે વીગતવારે બતાવ્યું છે. અવસ્તા ઊપરાંત હાલના જમાનાના પુસ્તકોનો આધાર કરતા એ લીધો છે તે આધારપરથી જે જે મતો બાંધ્યાં છે તેમાં કરતા આડા દોરવાયલા જણાઈ આવે છે, તેને બદલે યુરોપિયન વિદ્વાનોના પુસ્તકોની અને વેદની જ્યાં જ્યાં મદદ લીધી છે ત્યાં સારૂં અજવાળું પાડેલું છે.

રાસ્ત ગોફ્તાર તથા સત્યપ્રકાશ, તા૦ ૭ મી ફેબરવારી ૧૮૯૭.—આ નિબંધ જે સર જમશેદજીવાળી જરતોસ્તી મદરેસાના એક ચાલાક વિદ્યાર્થી મી૦ પાલનજી ખરશેદજી મીસ્ત્રીએ રચ્યો છે, તે તેમાં દર્શાવેલી ચાલાકીની લાયક તપાસને અર્થે અમારી ટેબલ ઉપર લાંબા વખતનો ખોટી થતો પડી રહયો છે તેને માટે દિલગીર છીએ. ખુદરતી વિદ્યાની ફીલસુફીઓની પોતાના અવસ્તા ભાષાના અભ્યાસથી સમજણ આપવામાં એ જુવાન ગૃહસ્થે સારી સેવાઓ બજાવી છે. અવસ્તાના અભ્યાસના વડા ગુરૂ અને સરદાર શેઠ ખ૦ રૂ૦ કામાનાં ભાષણો અને નિબંધો બતાવી આપે છે કે ખુદરતના કાયદાઓ, જેને માન આપીને ચાલવાને દરએક આદમજાત બંધાયલો છે અને તેમ નહીં ચાલે તો, એટલે ખુદરતના કાયદા તોડી નાખીને ચાલે તો, ખરાબી અને નાશ પામવાને દરએક જણ સૂજેલો છે, તે કાયદાઓની બારીકીની ફીલસુફી ભરેલી સમજણ જેટલી જરતોસ્તી ધર્મ પુસ્તકો ઉપરથી મળે છે, તેટલી બીજા કશાંથી મળતી નથી. હાલની મરકી વિષેનું મી૦ ખ૦ રૂ૦ કામાનું છેલું ભાષણ એવી અવસ્તાઈ સમજણોના એક કીમતી સંગ્રહ જેવું હતું. તેવીજ કીસમની કેટલીક અગત્યની સમજણ મી૦ મીસ્ત્રીના આ નિબંધ મધે સમાવેલી જોવામાં આવે છે. દીબાચા ઉપર માલમ પડે છે કે નિબંધ કર્તાએ સર જમશેદજી મદરેસા તરફથી લાગત ત્રણ વર્ષો સુધી રસાલાઓ લખવા માટે ઈનામો મેળવ્યાં હતાં, અને જ્યારથી ઉપલી મદરેસા નવા ધોરણ ઉપર મેળાઈ ત્યારથી તે અત્યાર સુધીમાં કાબેલ એર્વદ જીવનજી જમશેદજી મોદી બાદ કરતાં કોઈ બીજો અભ્યાસી એટલો ભાગ્યશાળી નિવડયો નથી.—મદરેસાના છેલા મેળાવડામાં નિબંધ કર્તા પોતેજ તેઓની મતલબ કહી ગયો હતો. હાલના રસાલા માટે પરિક્ષકોએ ઘણું સારૂં મત આપ્યું હતું—આદમજાતની અગાઉ અહુરમજદની પેદા કીધેલી આત્રણ પેદાયશોનો રમણીય દેખાવ સર્વેપર કેવી અજાયબ જેવી અસર કરે છે, તેનું વર્ણન થોડા બોલોમાં ઠીક આપ્યું છે.—રસાલાની શેવટે હિંદુ શાસ્ત્રને લગતું જે વર્ણન આપ્યું છે અને વેદ તથા મનુસમૃતિમાંથી જે શ્લોકો આપ્યા છે, તે માત્ર

લખનારની ખંત અને ઉલટનું પરિણામ છે, જે માટે દીબાચામાં ધ્યાન ખેંચ્યું છે. આવી જાતની કોસેશો પારસી અભ્યાસીઓ કદાચજ કરે છે. પણ આ નિબંધમાં ખાસ મેહેનત એ કરી છે કે દરેક વિદ્વાનનાં મતોનો સંગ્રહ કરીને અવસ્તામાં જણાવેલી જગ્યાઓને હાલની કઈ કઈ જગ્યાઓ અથવા Sites સાથ સરખાવી શકાય તે સમજાવવાની કોશેશ કીધી છે જે શોધવાને કર્તાએ ઘણા વખત અને પૈસા બંનેનો ભોગ આપ્યો છે.

Poona Observer, 28th April, 1897—Tho anthor........seems to have devoted his precious leisure hours in the arrangement of all that is necessary to be known as regards the above mentioned subject.—The subject of the present essy, like that of his former, is a very wide one; but the author has simplified it by different headings very neatly arranged. We go with the opinion expressed by the examiners, who were two Graduates of the Bombay University, that the subject is very dexterously treated.—We are happy to state that Mr. Mistri has done his best to show the first claims of the Zoroastrian Doctrine as being the parents of the many invented theories of Astronomy. One more remarkable thing we notice in Mr. Mistri's essay, and that is that he has shown the present places of the many rivers...... ..&c, mentioned in the Avesta Texts, which is, no doubt, a work of labour executed with taste for the subject. The Hindus may well admire the accuracies of the Sanskirt couplets quoted from the Rega Veda and Manu Smruti. The essay, on the whole, is really worth reading and worthy of commendation to Parsee readers.

Bombay Government Gazette, 18th September 1896,—The writer of the essay has brought together much curious information bearing on the subject of his essay from the sacred books of the Parsis and has also indicated in a short concluding chapter the views held by the ancient Hindu writers on the same subject.

FINIS